મોરબીના દર્દીઓએ નિષ્ણાંત ડોકટરની સલાહ લેવા માટે રાજકોટ જવાની જરૂર નથી...કેમ કે, રાજકોટની ખ્યાતનામ "ગોકુલ હોસ્પિટલ"ના ડોકટરો મોરબીમાં સેવા આપી રહયા છે.

- મગજ અને મણકાની સર્જરી
- જનરલ મેડીસીન અને ક્રિટીકલ કેર
- ઓર્થોપેડીક અને જોઈન્ટ રીપ્લેસમેન્ટ
- કાન-નાક-ગળાની સર્જરી
- જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જરી
- કાર્ડીયોલોજી અને બાયપાસ સર્જરી
- ન્યુરોલોજી
- ટ્રોમા સર્જરી
- સ્કીન સ્પેશ્યાલીસ્ટ
- પ્લાસ્ટીક સર્જરી
- કેન્સરના રોગોની સારવાર

વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-મોરબી સંચાલીત
ગોકુલ હોસ્પિટલ વિઝીટીંગ સેન્ટર
ડૉ. પટેલ લેબોરેટરી, સરદાર બાગની સામે, શનાળા રોડ, મોરબી. મો.: ૭૮૨૦૦ ૭૪૨૦૦

"સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધિ પામેલ દૈનિક સમાચાર પત્ર"
RNI. No. GUJGUJ/2021/84659

# વાત્સલ્યમ્ સમાચાર

"VATSALYAM SAMACHAR" GUJARATI, DAILY
દૈનિક સમાચાર પત્ર

Volume : 04 • Issue : 115 • Date : 11/02/2025, Tuesday • Morbi • Page-04 • Price : Rs. 4.00/- • M : 87329 18183 | www.vatsalyamsamachar.com | vatsalyamsamachar@gmail.com

વર્ષ:૪ • અંક:૧૧૪ • તારીખ:૧૧/૦૨/૨૦૨૫,મંગળવાર • મોરબી • પેજ:૪ • કિંમત:રૂ.૪.૦૦/- • મો.૮૭૩૨૯ ૧૮૧૮૩ • માલિક અને તંત્રી શ્રી-પરેશ પારીઆ

# પ્રયાગરાજ શ્રદ્ધાળુઓથી ઉભરાયું, પ્રયાગરાજ જ નહીં MP સુધી લોકો ચક્કાજામથી પરેશાન

**વાત્સલ્યમ્ સમાચાર**

3 જાન્યુઆરીથી શરુ થયેલા મહાકુંભમાં અત્યાર સુધીમાં 43 કરોડ લોકોએ ડૂબકી લગાવી છે. એવામાં લોકો પ્રયાગરાજ ટ્રાફિક જામથી પરેશાન છે. હજુ મહાકુંભ 26 ફેબ્રુઆરી સુધી ચાલશે એટલે કે મહાકુંભમાના હજુ 16 દિવસ બાકી છે. એવામાં જો તમે પણ મહાકુંભ જવાનું વિચારી રહ્યા હોય તો નીકળતાં પહેલા ટ્રાફિકની સ્થિતિ અવશ્ય તપાસો. જો તમે આવું ન કરો તો તમને મોટી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

પ્રયાગરાજ તરફ જતા રસ્તાઓ પર છેલ્લા 70 કલાકથી સેંકડો કિલોમીટર સુધી ફેલાયેલા ભારે ટ્રાફિક જામને કારણે મહાકુંભમાં જઈ રહેલા હજારો શ્રદ્ધાળુઓ નેશનલ હાઈવે પર ફસાયેલા છે. અહેવાલો અનુસાર, લગભગ 300 કિલોમીટરના માર્ગ પર જામના કારણે વાહનો આગળ વધી શકતા નથી.

12 ફેબ્રુઆરીના દિવસે માઘ પૂર્ણિમા પણ છે, આ દિવસે કુંભમાં સ્નાન કરનાર ભક્તોની વધુ ભીડ હોય છે. તેમજ મહાકુંભના કારણે કાશી અને અયોધ્યામાં દર્શન કરવા આવતા લોકોનો ધસારો પણ વધી ગયો છે. જેના કારણે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ છે.

15મી ફેબ્રુઆરી સુધી પ્રયાગરાજ જવાનું ટાળો. તેમજ 12મી ફેબ્રુઆરીએ માઘ સ્નાન પર પણ ભક્તોની ભીડ રહેશે. તેમજ 13મી ફેબ્રુઆરીએ બાકી રહેલા ભક્તો સ્નાન કરશે. 15મી સુધી અયોધ્યા-કાશીના દર્શન કરીને ભક્તો ટ્રેનમાં ઘરે જવા નીકળી જશે. આથી આ દિવસો દરમિયાન સંગમ જવાનું ટાળો.

બિહારના સમસ્તિપુર રેલ્વે સ્ટેશન પર ફ્રીડમ ફાઈટર એક્સપ્રેસ ટ્રેન ઉભી રહે છે અને ભક્તોની ભારે ભીડ અંદર પ્રવેશવાનો પ્રયાસ કરવાનું શરૂ કરે છે. અને થોડીવારમાં, આ ટ્રેન ખીચોખીચ ભરાઈ જાય છે અને હજારોની સંખ્યામાં લોકો લાચાર રીતે પ્લેટફોર્મ પર ઉભા રહેલા જોવા મળે છે. સ્ટેશન પર ભીડ એટલી હદે વધી ગઈ છે કે સ્ટેશન પર રહેલા કુલી ઈમરજન્સી વિન્ડો ખોલીને પેસેન્જરો પાસેથી 1 હજાર રૂપિયા લઈને ટ્રેનની અંદર બેસાડી રહ્યા છે.પરંતુ ટ્રેનમાં ભીડ એટલી હદે વધી ગઈ છે કે જનરલ કોચ અને સ્લીપર કોચ બંને એક જેવા જ જોવા મળી રહ્યા છે.આટલી હદે ભીડ હોવા છતા લોકો પ્રયાગરાજ જવા માટે ટ્રેનમાં ચઢી રહ્યા છે.આવી દૂરદશા લગભગ સંગરનગરીથી 500 KM દૂર સમસ્તિપુરની છે.તે પરથી અનુમાન લગાવી શકાય છે કે દેશભરમાંથી કેટલી મોટી સંખ્યામાં ભક્તો પ્રાયાગરાજ પહોંચી રહ્યા છે.

માત્ર સમસ્તિપુર રેલ્વે સ્ટેશન જ નહીં, પણ મધ્યપ્રદેશ, બિહાર, દિલ્હીના તમામ રેલ્વે સ્ટેશનો પર પણ



ભીડની સરખી સ્થિતિ છે. રસ્તા પર ઘણા કિલોમીટરનો જામ છે, જામને કારણે પ્રયાગરાજ પ્રવેશતા પહેલા વાહનોને પરત મોકલાઈ રહ્યા છે.રસ્તાઓ પર વાહનો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. રેલ્વે સ્ટેશનો પર પણ મોટી સંખ્યામાં ભક્તોની ઘોડાપૂર ઉમટ્યું છે અને પ્રયાગરાજ જતી ટ્રેનોમાં બેસવાની પણ જગ્યા નથી.જ્યારે સરકારે પ્રયાગરાજ જવા માટે 100 થી વધુ સ્પેશયલ ટ્રેન પણ ફાળવી છે તો પણ આવી સ્થિતી છે

આ સદીનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો પ્રાયાગરાજમાં ચાલી રહ્યો છે અને લાખો ભક્તો મહાકુંભમાં દરરોજ પવિત્ર સ્નાન કરી રહ્યા છે. મૌની અમાવાસ્યા પરના કુંભ મેળામાં વિસ્તારમાં નાસભાગ થયા પછી વહીવટ વધુ સાતર્ક છે અને આને કારણે, પ્રાયાગરાજમાં મર્યાદિત સંખ્યામાં ભક્તોને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. આ કારણોસર, જુદા જુદા જિલ્લાઓથી પ્રયાગરાજ તરફના માર્ગો પર ઘણા કિલોમીટરનો ટ્રાફિક જામ છે અને લોકોને 8-10 કલાક સુધી જામમાં અટવાઈ જવું પડ્યું છે. 13 જાન્યુઆરીથી, 40 કરોડથી વધુ ભક્તોએ સંગમ સ્નાન કર્યુ છે અને આ આંકડો સતત વધી રહ્યો છે.


મહાકુંભમાં સ્નાન કરવા માટે દરરોજ ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે, જેના કારણે આખું શહેર ભરાયેલું છે. પાછળના ત્રણ દિવસમાં જ પ્રયાગરાજમાં 15 લાખથી વધુ વાહનો પહોંચ્યા હતા. રવિવારે, લગભગ 1.5 કરોડ ભક્તોએ એક દિવસમાં અહીં સ્નાન કર્યું. ભીડ અને ભયંકર ટ્રાફિક જામનુ દ્રશ્ય જોઈને આખુ વિશ્વ આશ્ચર્યચકિત થઈ ગયું છે.તેમ છતાં, મહાકુંભમાં ભક્તોની ભીડ થમવાનું નામ નથી લઈ રહી.જ્યારે મૌની અમાવાસ્યાના સ્નાન પછી મોટાભાગના અખડાઓ કુંભથી રવાના થયા છે. પરંતુ હવે દરેક લોકો બુધવારે આવનારી પૂનમના સ્નાની રાહ જોઈને બેઠા છે.એટલા જ માટે લોકો પ્રયાગરાજમાં રોકાઈ ગયા છે.

ભીડ એટલી હદે વધી ગઈ છે કે પ્રયાગરાજનું સંગમ રેલ્વે સ્ટેશન 14 ફેબ્રુઆરી સુધી બંધ રાખવાની ફરજ પડી છે રીવા, ચિત્રકૂટ, મિર્ઝાપુર, વારાણસી, જૌનપુર, લખનૌ, પ્રતાપગઢ કાનપુર, કૌશંબીથી આવવા વાળા રસ્તા પર વાહનોનો ધસારો છે. રવિવારે, ઝુન્સી, નૈની, પ્રાયગરાજના ફફામૌ વિસ્તારમાં લગભગ 10 કિલોમીટરનો જામ હતો. મોટાભાગના લોકો ખાનગી વાહનો દ્વારા અવિગરાજ પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આને કારણે, રસ્તાઓ પર વાહનો જામ થઈ રહ્યા છે.

પ્રયાગરાજના 7 રસ્તા પર બાંધવામાં આવેલા કુલ 112 પાર્કિંગમાંથી, હવે ફક્ત 36 પાર્કિંગ જોવા મળે છે. આ જ કારણ છે કે ખાનગી વાહનોનો કાફલો પ્રયાગરાજ તરફ આગળ વધી રહ્યો છે અને પાર્કિંગની વ્યવસ્થાના અભાવને કારણે, રસ્તાઓ પર લાંબો જામ છે. આ સિવાય મોટી સંખ્યામાં પરત ફરતા વાહનોને કારણે મોટા હાઈવે જામ થઈ ગયા છે. રસ્તાઓ પર ફસાયેલા લોકો પ્રયાગરાજ પોલીસને સોશિયલ મીડિયા દ્વારા જામ ખોલવાની અપીલ કરી રહ્યા છે.

## ભ્રામક જાહેરાતો પર સુપ્રીમ કોર્ટે કાર્યવાહી કરી, દિલ્હી સહિત અન્ય રાજ્યોના મુખ્ય સચિવોને સમન્સ પાઠવ્યા

**વાત્સલ્યમ્ સમાચાર**



સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી, આંધ્રપ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર સહિત અનેક રાજ્યોની આયુર્વેદિક, સિદ્ધ અને યુનાની દવાઓની ગેરકાયદેસર જાહેરાતો સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળતા બદલ ટીકા કરી અને તેમના મુખ્ય સચિવોને સમન્સ પાઠવ્યા. જસ્ટિસ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ ઉજ્જવલ ભુઈયાની બેન્ચે કહ્યું કે તેના આદેશોનું ભાગ્યે જ પાલન થયું છે. બેન્ચે મુખ્ય સચિવોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજર રહેવા અને એમિકસ ક્યુરી તરીકે હાજર રહેલા વરિષ્ઠ વકીલ શાદાન ફરાસતે જણાવ્યું હતું કે મોટાભાગના રાજ્યોએ ઉલ્લંઘન કરનારાઓની માફી સ્વીકારીને અને સોગંદનામા લઈને તેમને નિર્દોષ જાહેર કર્યા છે. આ રાજ્યોએ આદેશોનું પાલન કેમ ન કર્યું તે સમજાવવા કહ્યું. 'એમિકસ ક્યુરીએ યોગ્ય રીતે રજૂઆત કરી છે કે જો બધા રાજ્યો ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમો, 1945 ના નિયમ 170 ને ખરા અર્થમાં લાગુ કરવાનું શરૂ કરે તો આયુર્વેદિક, સિદ્ધ અથવા યુનાની દવાઓની ગેરકાયદેસર જાહેરાતોનો મુદ્દો મોટા પ્રમાણમાં ઉકેલાઈ જશે,' બેન્ચે જણાવ્યું. આ કોર્ટ દ્વારા અનેક આદેશો જારી કરવામાં આવ્યા હોવા છતાં, રાજ્યો તેનું પાલન કરી રહ્યા નથી.

કેસની આગામી સુનાવણી 7 માર્ચે થશે. આ મામલો ગયા વર્ષે ઓગસ્ટમાં આયુષ મંત્રાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામા પર સુપ્રીમ કોર્ટે લાદેલા સ્ટે સાથે સંબંધિત છે. નિયમ ૧૭૦ વિવાદાસ્પદ રીતે બાકાત રાખવામાં આવ્યો હતો.

કોર્ટે આ સૂચનાને 7 મે, 2024 ના આદેશનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. તે આદેશમાં, કોર્ટે કહ્યું હતું કે કોઈપણ જાહેરાત જારી કરતા પહેલા, કેબલ ટેલિવિઝન નેટવર્ક નિયમો, 1994 હેઠળ સ્વ-ઘોષણા આપવી પડશે. સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે તે હડકવાના દર્દીઓ માટે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુના અધિકારની માંગ કરતી અરજી પર બે અઠવાડિયા પછી સુનાવણી કરશે. આ મામલો જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની બેન્ચ સમક્ષ આવ્યો.

દિલ્હી હાઈકોર્ટે જુલાઈ 2019 ના રોજ હડકવાને અપવાદરૂપ રોગ તરીકે ગણવા અને દર્દીઓને સન્માન સાથે મૃત્યુ પામવાનો વિકલ્પ પૂરો પાડવા માટે કેન્દ્ર અને અન્ય અધિકારીઓને નિર્દેશ આપવાનો ઈનકાર કર્યો હતો, જેના વિરોધમાં NGO ઓલ ક્રિચર્સ ગ્રેટ એન્ડ સ્મોલ સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી.

નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ એ વ્યક્તિને મૃત્યુ પામવા દેવાના ઈરાદાથી તબીબી સારવાર રોકવાની અથવા પાછી ખેંચવાની ક્રિયા છે, જેમ કે જીવન સહાયક ઉપકરણો બંધ કરવા અથવા દૂર કરવા. જાન્યુઆરી 2020 માં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને અન્ય લોકોને નોટિસ જારી કરી અને 2019 માં દાખલ કરાયેલી અરજી પર તેમનો જવાબ માંગ્યો. સોમવારે, અરજદારના વકીલે જણાવ્યું હતું કે કેન્દ્રએ 2018 માં આ મામલે હાઈકોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું હતું. બેન્ચે કહ્યું કે સુનાવણી બે અઠવાડિયા પછી થશે.

## ખેરગામ ખાતેના પાટીમાં રામેશ્વર મહાદેવ મંદિર જીર્ણોધ્ધાર અર્થે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**વાત્સલ્યમ્ સમાચાર**
**ખેરગામ**

ખેરગામ તાલુકાના પાટી ગામે બાવીસા ફળિયામાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિર ના જીર્ણોધ્ધાર અર્થે તા-8/2/2025 થી 10/2/2025 સુધી ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.અત્રે ઉલ્લેખનીય છે કે લગભગ 110 વર્ષ જૂનું આ મહાદેવ નું મંદિર જેનો જીર્ણોધ્ધાર મુખ્ય યજમાન પરિવાર અને સમસ્ત ગામ દ્વારા કરવામાં



આવ્યો.પ્રતિષ્ઠા આચાર્ય તરીકે ખેરગામ ના પ્રસિદ્ધ કર્મકાંડ આચાર્ય શૈલેષભાઈ એલ રાજ્યગુરુ ઉપાચાર્ય તરીકે જ્યોતિષાચાર્ય માક્ષિતભાઈ રાજ્યગુરુ અને કર્માચાર્ય તરીકે હિતેષભાઈ પુરોહિત દ્વારા સેવા અપાઈ હતી.

## કલેકટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ



**વાત્સલ્યમ્ સમાચાર**
**રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. બેઠકમાં હાઈવે પર માર્ગ અકસ્માતમાં ઘટાડો નોંધાઈ તે માટે બેઠકમાં રોડ એન્જિનિયરિંગ સહિતની બાબતોની કલેકટરશ્રી દ્વારા સમીક્ષા કરવામાં આવે છે. ત્યારે રોડ સેફટી કામગીરી અને અવેરનેસની ફલશ્રુતિ રૂપે વર્ષ ૨૦૨૩ ની સાપેક્ષ વર્ષ ૨૦૨૪ માં નોંધનીય ૧૦ % જેટલો ઘટાડો નોંધાયો છે. કલેકટરશ્રી એ આજરોજ બેઠકમાં વિવિધ હાઈવે પર કામગીરીની સમીક્ષા કરતા રાજકોટ ગોંડલ રોડ હાઈવે સંલગ્ન સર્વિસ રોડને સ્મુધ કરવા ખાસ તાકીદ કરી હતી. સર્વિસ રોડ પર પડેલા ગાબડાંઓને પેચવર્ક કરી રીપેર કરવા, નજીના દબાણો દૂર કરવા કલેક્ટરશ્રીએ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને ખાસ સુચના આપી હતી. રોડ બ્રિજની આસપાસ બ્રિજની બંને તરફ પાકો રોડ બનાવવા જણાવ્યું હતું.

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અન્વયે કામદારોને મતદાન માટે વારાફરતી ૩ કલાકની ખાસ રજા આપવાનો આદેશ

**વાત્સલ્યમ્ સમાચાર**
**જૂનાગઢ**

રાજયની રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/ મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી રોજ યોજાનાર છે.

મતદાનની તારીખે ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ ૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

આથી આગામી તા. ૧૬/૦૨/૨૦૨૫ (રવિવાર) ના રોજ યોજાનાર રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/ મધ્યસત્ર/પેટા ચૂંટણીમાટે જે વિસ્તારમાં ચુંટણી યોજાવવાની છે, તે સમગ્ર વિસ્તારમાં કાર્યરત કર્મચારી/ કામદારોને મતદાન કરી શકે તે માટે ૩(ત્રણ) કલાકની વારાફરતી ખાસ રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. તેમ શ્રમ આયુક્તશ્રી એ એક અખબારી યાદીમાંજણાવ્યુંછે.

## કરમસદ નો આણંદ મહાનગરપાલિકા સમાવેશ કરાતા વિરોધ

**વાત્સલ્યમ્ સમાચાર**
**તાહિર મેમણ - આણંદ**

આણંદ મહાનગરપાલિકામાં કરમસદ ગામને તેમાં સામેલ કરવાના નિર્ણય સામે સ્થાનિકોએ વિરોધ નોંધાવીયો છે. ઐતિહાસિક ઓળખ માટે કરમસદ નો મહાનગરપાલિકા માં સમાવેશ કરવામાં ના આવે તેવી સ્થાનિકો એ માંગ કરી છે.1 જાન્યુઆરી 2025થી અમલી બનેલા આ નિર્ણય સામે આજે કરમસદ ગામમાં મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્રિત થયા હતા. સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિના નેતૃત્વમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સહિતના રાજકીય અગ્રણીઓ, સંતો-મહંતો અને મોટી સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતા. આંદોલનકારીઓએ સૌ પ્રથમ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કરમસદ એ દેશના સ્વાભિમાનની ઓળખ-ધાનાણીnઆ પ્રસંગે ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષના વિરોધપક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલનું વતન કરમસદ એ દેશના સ્વાભિમાનની ઓળખ છે, તેને રહેવા દેજો. જો તેની સાથે જાણે અજાણે ચેડાં કર્યા તો આ ગુજરાત કદી માફ નહીં કરે, અમારે તમારી મહેરબાનીની જરૂર નથી, તમે કરમસદ ગામને સ્વતંત્ર દરજ્જો આપો તેવી માગણી કરી હતી.



## મોરબીમાં નાની કેનાલ રોડ ઉપર રોડમાં દબાણ દૂર કરવા લત્તાવાસીઓએ કરી કમિશનરને રજૂઆત કરાઈ

**વાત્સલ્યમ્ સમાચાર**
**શ્રીકાંત પટેલ-મોરબી**



મોરબીમાં મહાનગરપાલિકા થયા પછી પણ લોકો સાથે છેતરપિંડી થાય તેવા બાંધકામો કરવામાં પાછા પડતા નથી અને લોકોને ઉલ્લુ બનાવવાનો પ્રયત્ન કરે છે. પણ લોકો હવે જાગૃત થઈ ગયા હોય તેઓ ની કોઈ વાત માનતા નથી અને રોડમાં દબાણ કરીને બાંધકામ કર્યું હોય આજે લત્તાવાસીઓએ મહાનગરપાલિકામાં કમિશનર ને લેખિત રજૂઆત કરી છે. એના પગલે ટાઉન પ્લાનિંગના કર્મચારી સ્થળ ઉપર જોઈને રિપોર્ટ કરવા માટે વિગત લખી ગયા છે.

આ બાબતે વાત કરીએ તો મોરબી શહેર માં નાની કેનાલ રોડ ઉપર વિકસિત એરીયો હોય અને નોન ટાઉનપ્લાનિંગ વિસ્તાર હોય ત્યાં ઓનલાઈન બાંધકામની મંજૂરી અને લે આઉટ પ્લાનની મંજૂરી લેવાની હોય છે પરંતુ તેમાં સરકાર શ્રી ના નિયમ મુજબ નગરપાલિકાના રોડને મળે તે રીતે જે તે બિનખેતી થતા પ્રકરણમાં ૧૨ મીટર નો રોડ મૂકવાનો હોય છે પણ આવો રોડ મુકાતો નથી અને મંજૂરી વગરના બાંધકામો થઈ રહ્યા છે અને જે બાંધકામ ૧૨૭૫/૨ અને ૧૨૭૬/૧ માં દુકાનોનું બાંધકામ થઈ રહ્યું છે તે આંતરિક રોડમાં દબાણ કરીને બાંધકામ કર્યું હોય આજે આ લત્તાના લોકોએ તે બાંધકામ દૂર કરવા અને કાયદાકીય પરિભાષામાં તપાસ કરવા મહાનગરપાલિકા મોરબીનાં કમિશનરને લેખિત રજૂઆત કરી છે. જે રજૂઆતના પગલે કમિશનરે સ્થળ ઉપર તપાસ કરી રિપોર્ટ કરવાનો આદેશ કરતા ટાઉન પ્લાનિંગના કર્મચારીઓ સ્થળ ઉપરથી રિપોર્ટ કરી ગયા છે ત્યારે હવે આગળની કાર્યવાહી મહાનગરપાલિકા શું કરે છે તે જોવું રહ્યું?

## કલેકટર કચેરી ખાતે પી.જી.વી.સી.એલ. ની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી

**વાત્સલ્યમ્ સમાચાર**
**રાજકોટ**

રાજકોટ કલેકટર કચેરી ખાતે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ (પી.જી.વી.સી.એલ.)ની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં પી.જી.વી.સી. એલ.ના ડેપ્યુટી ઈજનેરશ્રી એમ.બી. સુથારે પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજકોટના વિવિધ વિસ્તારોમાં સોલાર રૂફ અડોપશનની કામગીરી, મીડિયમ વોલ્ટેજ, કવર્ડ કંડકટર, ટ્રાન્સફોર્મર, સ્માર્ટ મીટર સહિત મેઈન્ટેનન્સની કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પી.જી.વી.સી.એલ. રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જતીન ઉપાધ્યાય, રાજકોટ શહેર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી જીગ્નેશ ઉપાધ્યાય, ડેપ્યુટી એન્જિનિયર શ્રી બી. આર.ગોસાઈ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## ગોંડલ ખાતે યોજાશે ગોંડલ, જેતપુર, જામકંડોરણા અને લોધિકા તાલુકાના પૂર્વ સૈનિકોનું સંમેલન


**વાત્સલ્યમ્ સમાચાર**
**રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલ, જેતપુર, જામકંડોરણા અને લોધિકા તાલુકામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો તથા દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓનું સંમેલન તા. ૧૬ ફેબ્રુઆરી રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૪:૦૦ કલાક સુધી કિસાન ભવન, માર્કેટિંગ યાર્ડ ગોંડલ ખાતે યોજાશે. જેમાં રાજ્ય સરકાર તથા રાજ્ય સૈનિક બોર્ડગુજરાત રાજ્ય તરફથી પૂર્વ સૈનિકો અને દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને આપવામાં આવતી વિવિધ સહાયની જાણકારી આપવામાં આવશે. આ તાલુકાઓમાં રજીસ્ટર થયેલ દરેક પૂર્વ સૈનિક/ દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને સંમેલન માટે આમંત્રણ પત્ર પાઠવવામાં આવેલ છે. આમ છતાં જેઓને પત્ર મળેલ ન હોય તે તમામ પૂર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃ વસવાટ અધિકારી, રાજકોટની યાદી દ્વારા જાણ કરવામાં આવે છે.









## ઘરેથી નીકળી ગયેલી મહિલાનું પતિ સાથે મિલન કરાવતી અભયમ ટીમ મોરબી

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી




તારીખ :-09/02/2025 ના રોજ સવારે એક સજ્જન વ્યક્તિ દ્વારા 181 માં ફોન આવેલ કે એક મહિલા મળી આવેલ છે માટે મદદની જરૂર છે ત્યારબાદ કેસ આવતાની સાથે જ તાત્કાલ 181 ટીમ ઘટના સ્થળે પહોંચેલ. 181 ટીમના કાઉન્સિલર સેજલ પટેલ કોન્સ્ટેબલ જયેશ્રીબેન તેમજ પાયલોટ જીગરભાઈ તે મહિલા સુધી પહોંચેલ તે સર્જન વ્યક્તિએ જણાવેલ કે મહિલા ક્યારના એકલા ઉભા હોય તેમજ રડતા હોય ત્યારબાદ સૌ પ્રથમ મહિલા ને સાંત્વના આપી ધીરજ સાથે કાઉન્સિલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે તેવો મૂળ ઓડિશા ના હોય અહીંયા તેઓ તેમના પતિ સાથે એક કંપનીમાં કામ કરવા આવે હોય પરંતુ પતિ સાથે ઝઘડો થતાં તે તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય મહિલાને સલાહ સુચન માર્ગદર્શન આપેલ સમજાવેલ કે હવે પછી તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળશે નહીં અને પછી તે પીડિતા મહિલાયે જણાવેલ સરનામા પ્રમાણે ત્યા પહોંચી તેમના પતિને સોંપેલ પતિ નું કાઉન્સિલિંગ કરતા તેમણે જણાવેલ કે તેમની પત્ની જાણ કર્યા વગર નીકળી ગયા બાદ આજુબાજુના વિસ્તારમાં તેમજ ઘણા લોકોને તેમની પત્ની બાબતે પૂછપરછ કરેલ પરંતુ કાંઈ ખબર મળે નહીં પોતે પણ ચિંતિત હતા ત્યારબાદ 181 ટીમ દ્વારા તેમના પતિને સલાહ સૂચન અને માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપેલ તેમજ તેમની પત્ની જોડે ઝગડો ના કરવા જણાવેલ અને હવે પછી તેમની પત્નીનું ધ્યાન રાખે જેથી હવે પછી આવી રીતે ઘરેથી ના નીકળે તેમજ મહિલાએ પણ જણાવેલ કે હવે પછી તેમના પતિ ને કહયા વગર ક્યારેય નીકળશે નહીં તેવું જણાવે અને રાજી ખુશી થી તેમના પતિ સાથે રહેવા જણાવેલ આમ મહિલાનુ પતિ સાથે મિલન કરાવેલ મહિલાના પતિએ સહીસલામત તેમના ઘરે પહોંચાડવા બદલ 181 અભયમ ટીમનો આભાર માન્યો હતો

## અમદાવાદ દુર્ગાધામ આયોજીત 'સનાતન નો શંખનાદ ગુજરાતના પત્રકાર સન્માન સમારોહમાં' મોરબીના પત્રકાર અતુલ જોશીનું શ્રેષ્ઠ પત્રકાર તરીકે સન્માન કરાયું

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી



અમદાવાદ દુર્ગાધામ આયોજિત સનાતન નો શંખનાદ કાર્યક્રમનું ભવ્ય આયોજન ગોરાણી રિસોર્ટ ખાતે તારીખ ૦૯ ફેબ્રુઆરી ના રોજ ગુજરાત બ્રહ્મ જુદી જુદી સંસ્થાઓ અને ન્યૂઝ પેપર તેમજ ન્યૂઝ ચેનલમાં પત્રકારત્વ તરીકે ફરજ બજાવતા પત્રકારોનું વિશેષ સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જ પ્રેસ મીડિયા ,ફિલ્મ કે અન્ય ક્ષેત્રોમાં કાર્યરત સર્વે બ્રાહ્મણોને એક સાથે એક મંચ પર લાવી તેઓના કાર્યને બિરદાવવાનો વિશેષ પ્રયત્ન સાથ જ ૧૦૦ જેટલી જ્ઞાતિઓ ને એક જ પંડાલમાં એકઠા કરી જાગૃતિ નો સંદેશ આપી સનાતન નો શંખનાદ કરવામાં આવ્યો હતો.

દુર્ગાધામ દ્વારા આયોજીત સનાતન શંખનાદ સન્માન સમારોહ કાર્યક્રમ માં જુદા જુદા જિલ્લાઓ અને શહેરમાંથી પત્રકારોને સન્માનીત કરાયા હતા જેમાં ન્યુઝ ૧૮ ગુજરાતી ના મોરબીના રિપોર્ટર અતુલભાઈ જોશીનું ખ્યાતનામ સિનિયર પત્રકાર અને પત્રકારત્વના પ્રેરણા સ્ત્રોત જગદીશભાઈ મહેતાના હસ્તે એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું અને પત્રકારત્વ ક્ષેત્રે તેઓના યોગદાન ને બિરદાવવામાં આવ્યું હતું અતુલભાઈ જોશીનું સન્માન થતાં તેઓને ઠેર ઠેર થી શુભકામનાઓ મળી રહી છે.ભાવેશભાઈ રાજ્યગુરુની ટીમ અને દુર્ગાધામ આયોજીત આ સંયુક્ત સમારોહમાં સિનિયર પત્રકાર અને એડિટર વિવેકભાઈ ભટ્ટ, સિનિયર પત્રકાર જીગ્નાબેન જોશી,સિનિયર પત્રકાર જગદીશભાઈ મહેતા,મૌલિકભાઈ મહેતા, ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા(શૈલેષ સોટા)તેમજ રાજ્યના જુદી જુદી ન્યૂઝ ચેનલ અને ન્યૂઝ પેપરમાં ફરજ બજાવતા પત્રકારો તેમજ સિનિયર પત્રકારો હાજર રહ્યા હતા અને તમામ પત્રકારોને ફિલ્ડમાં પડતી તકલીફો અને કામ ને લઈને ગમે ત્યારે જરૂર પડે તો ખડેપગે રહેવા હાજર તમામ વડીલોએ આહવાન કરી બ્રહ્મ સમાજના પત્રકારોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના મીડિયા ક્ષેત્રમાં,રાજકીય ક્ષેત્ર,કાયદાકીય ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોના બ્રહ્મ સમાજના નામાંકીત ચહેરાઓએ પણ ખાસ હાજરી આપી હતી અને આ કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.

## મોરબી નાં હડમતીયા ગામ પાસે સતત ૧૦૮ દિવસનો પંચદેવ મહાયજ્ઞ !આજે ૮૧ દિવસ પુર્ણ! ચાલી રહ્યુ છે મહા ભગીરથ ધાર્મિક કાર્યક્રમનું આયોજન!

વાત્સલ્યમ્ સમાચાર
શ્રીકાંત પટેલ દ્વારા મોરબી



મોરબી નાં હડમતીયા ગામ પાસે સતત ૧૦૮ દિવસનો પંચદેવ મહાયજ્ઞ !આજે ૮૧ દિવસ પુર્ણ! ચાલી રહ્યુ છે મહા ભગીરથ ધાર્મિક કાર્યક્રમનું આયોજન! આ બાબતે વાત કરીએ તો કેશુભાઈ વાધડીયા અને તેમના પત્ની મંજુલાબેન હરિદ્વાર પાસે આવેલા ભાગીરથી આશ્રમ ના દર્શને ગયા બાદ સંકલ્પ કર્યો કે સતત ૧૦૮ દિવસનુ પંચદેવ યજ્ઞનું આયોજન કરવું !આ પંચદેવ એટલે શ્રી ગણેશજી, રાજબાઈ માતાજી, શંકર ભગવાન, વિષ્ણુ ભગવાન, અને સૂર્ય ભગવાન, તેમજ હાલના સમયે ચાલતા આ યજ્ઞ નાં સમયમાં હનુમાનજી મહારાજનું પણ અનુષ્ઠાન કરીને આ ૧૦૮ દિવસના યજ્ઞનું આયોજન ચાલી રહ્યું છે. આ સેવાકાર્ય હોવાથી શ્રદ્ધાળુ લોકો અને ભાવિકજનોનો પૂરતો સહકાર મળી રહે છે અને દરરોજના માટે હવન વિધિ કરાવવા નવયુગલ ને આમંત્રણ આપવું પડે તેમની યજ્ઞ માટેની હાથ જોડ પૂજા વિધિ કરાવવી પડે તે માટે સતત ભૂદેવો આ યજ્ઞમાં ધર્મ કાર્ય કરાવી રહ્યા છે અને હજુ એક મહિનો સુધી આ કાર્ય સતત ચાલુ રહેશે અને આ યજ્ઞમાં હાજર રહેતા કેશુભાઈના પરિવારના જુદા જુદા ગામના યુવાનો તુરંત સેવા કાર્યમાં જોડાઈ જાય છે. એકંદરે ખૂબ જ સારી રીતે સફળતા પુર્વક આ મહાયજ્ઞનું કાર્ય આગળ ધપી રહ્યું છે.

## હાલોલ બાસ્કા નજીક હોટલ ગોલ્ડન પેલેસ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક સવારનું નિપજ્યુ મોત

વાત્સલ્યમ્ સમાચાર
કાદિર દાઢી.હાલોલ



દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે રહેતા અને હાલોલ વડોદરા રોડ ઉપર કોટંબી ક્રિકેટ સ્ટેડિયમ પાસે બાંધકામનું કામ કરતા બે કામદારોની બાઈક ને હાલોલ બાસ્કા પાસે કાર સાથે અથડાતા એક નું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત ને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે હાલોલ ની રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો ઈજાગ્રસ્ત ના બંને પગે ફેક્ચર હોવાથી તેને વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર દાહોદ જિલ્લાના લીમખેડા ના વતની અને વડોદરાના ખોડીયાર નગરમાં રહી બાંધકામ સાઈડો ઉપર સેન્ટીંગના કોન્ટ્રાક્ટ નું કામ કરતો આદર્શ રમેશભાઈ કટારા ગઈ કાલે તેની પત્ની ને બાઈક ઉપર બેસાડી વતન લીમખેડા ગયો હતો,પત્નીને ઘરે મૂકી તે આજે સવારે તેના મિત્ર અજય તેરસિંગ બીલવાલ ને બાઈક પર બેસાડી વડોદરા ફરી રહ્યો હતો, ત્યારે હાલોલ વડોદરા રોડ ઉપર હોટલ ગોલ્ડન પેલેસ પાસે તેની બાઈક નો એક કિયા કાર સાથે અકસ્માત સર્જાયો હતો.જેમાં આદર્શ કટારાનું ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું જ્યારે અજય બિલવાલ ગંભીર રીતે જાગ્રસ્ત થયો હતો.અકસ્માત ને પગલે રોડ ઉપર વાહનોનો ટ્રાફિક જામ થઈ ગયો હતો, ઈજાગ્રસ્ત અજય બીલવાલ ને સારવાર માટે ૧૦૮ એમબ્યુંલન્સ મારફતે હાલોલ ની રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. અકસ્માત ની જાણ હાલોલ ખાતે કામ કરતા આદર્શ કટારા ના સસરા રાહુલભાઈ સંગડા ને થતા તેઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.તેઓએ જણાવ્યું હતું કે જમાઈ ગઈ કાલે સાંજે ગર્ભવતી દીકરી ને લઈ ઘરે લીમખેડા ગયા હતા.અને સવારે મારા મામા ના દીકરા અજય સાથે વડોદરા જવા નીકળ્યા હતા.

## મોરબી મહાનગપાલિકા દ્વારા સફાઈ મિત્રોને પી.પી.ઈ. કીટનું વિતરણ કરાયું

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી



મોરબી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સ્વપ્નિલ ખરે દ્વારા સેનિટેશન શાખા, ભુગર્ભ શાખાના સફાઈ મિત્રોની સુરક્ષા અને આરોગ્યને ધ્યાનમાં રાખતા પી.પી.ઈ./ P.P.E. કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભુગર્ભ શાખાના કર્મચારીઓ/ Sewer man ને NAMASTE SCHEME/ નેશનલ એક્શન ફોર મિકેનાઇઝડ સેનિટાઈઝેશન ઈકોસિસ્ટમ અન્વયે Namaste/ Dangri (Pairs), Gumboot, Gloves, Safety Helmet, Safety Goggles, N95 Mas, Half Face Mask with Cartridge નું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સેનિટેશન શાખાના સફાઈ કર્મચારીઓને સફાઈ દરમિયાન એકત્ર થયેલા કચરાના વહન માટે હાથલારીનું વિતરણ કરવામાં આવેલ. આગામી સમયમાં મોરબી મહાનગરપાલિકા તેમના સફાઈ મિત્રોના આરોગ્ય અને સુરક્ષાના હિતમાં જરૂરી પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે. તેમ ડેપ્યુટી કમિશ્નરશ્રી (પ્રોજેકટ), મોરબી મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મેઘરજ : સફાઈ કામદારોએ મેઘરજ તાલુકા પંચાયત, મામલતદાર અને ટીડીઓને આપ્યુ આવેદનપત્ર



વાત્સલ્યમ્ સમાચાર
અરવલ્લી :હિતેન્દ્ર પટેલ

ગુજરાતના તમામ વાલ્મિકી સમાજના અને સફાઈ કામદારોના પ્રાણ પ્રશ્નો માટે માલપુર થી દિલ્હી દંડવતયાત્રા લાલજી ભગત કરી રહેલ છે. આ અંગે તંત્રએ કોઈ પ્રશ્નો હલ કરેલા નથી. ગુજરાતના સફાઈ કામદારો તા.૧૦/૦૨/૨૦૨૫ ને સોમવારના રોજ સફાઈથી વેગડા રહી અચોક્કસ મુદતની હડતાલ પર જવા બાબત ગુજરાતમાં વાલ્મિકી સમાજનું અને સફાઈ કામદારોનું ભરપૂર શોષણ તેમજ અન્યાય થઈ રહ્યો છે.તેમને ન્યાય અપાવવા માટે વર્ષ : ૨૦૨૨ માં માલપુર થી ગાંધીનગર દંડવતયાત્રા કરવામાં આવી હતી. તેમાં મંત્રીઓ આવી પારણા કરવામાં આવ્યા હતા તેમ છતાં આજદિન સુધી એક પણ પ્રશ્ન હલ કરવામાં આવેલ નથી. તેના માટે માલપુરથી દિલ્હી ફંડવત યાત્રા તા.૧/૧/૨૦૨૫ ના રોજથી નીકળી છે ૩૦ દિવસ થયા છે. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન દોરવામાં આવેલ નથી. લાલજી ભગત પોતાનો પરિવાર છોડી કડકડતી ઠંડીમાં અને રોડ ઉપર જીવના જોખમે દંડવત યાત્રા કરી રહ્યા છે. લાલજી ભગતને કંઈપણ થશે તેની સંપૂર્ણ જવાબદારી સરકારની અને તંત્રની રહેશે. તો ગુજરાતના સફાઈ કામદારો તા. ૧૦/૦૨/૨૦૨૫ ને સોમવારના રોજ સફાઈકામ છોડી અચોક્કસ મુદતની હડતાલ પર જશે. તે બાબતે વિનંતી સાથે સફાઈ કામદારો ના પ્રશ્નો તાત્કાલિક હલ કરવા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું

## શેઠશ્રીટી.પી.હાઈસ્કૂલ,માલણનાએન.એસ.એસ. યુનિટની ખાસ શિબિરનો નળાસર ખાતે યોજાઇ



વાત્સલ્યમ્ સમાચાર
જીતેશ જોષી પાલનપુર

પાલનપુર તાલુકાના નળાસર ખાતે શેઠશ્રી ટી.પી.હાઈસ્કૂલ, માલણ ના એન.એસ.એસ.યુનિટની જન જાગૃતિ અને ગ્રામોત્થાન ખાસ શિબિર શ્રીમતી ગીતાબેન ચૌધરી, શિક્ષણ નિરીક્ષકશ્રી, જિ. શિ. અ. કચેરી , બનાસકાંઠા અને જીલ્લાના અને એસ.એસ.યુનિટના નોડલ ઓફિસર, નળાસર ગામના સરપંચ શ્રી કેશરભાઈ ચૌધરી અને ગામના આગેવાન શ્રી શામળભાઈ ચૌધરી, નળાસર પ્રા. શાળાના આચાર્યશ્રી, કિરીટભાઈ પટેલ ભાગળ હાઈસ્કૂલના આચાર્યશ્રી તેમજ એસ.એમ.સી.ના સભ્યો તેમજ માલણ હાઈસ્કુલ અને નળાસર પ્રા. શાળાના શિક્ષકમિત્રો વિદ્યાર્થીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં એન.એસ. એસ. શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન શ્રીમતી ગીતાબેન ચૌધરી, ગામના સરપંચશ્રી તેમજ ઉપસ્થિત મહેમાનોએ દિપ પ્રાગટ્ય કર્યું હતું. માલણ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યા હતા. શાળાના આચાર્યશ્રી ડો. રાજેશ પ્રજાપતિએ શાબ્દિક સ્વાગત અને પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ, પુસ્તક અને ખેસથી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમતી ગીતાબેન ચૌધરીએ એન.એસ. એસ.વિશે અને ખાસ શિબિર તેમજ નિયમિત પ્રવૃત્તિ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. તે ઉપરાંત તેમને બાળકોને તેમજ ગ્રામજનોને સાફ સફાઈ અને વિવિધ કાર્યક્રમો વિશે માહિતગાર કર્યા હતા. આ શિબિર તા. 10/02/2025 થી તા. 16/02/2025 સુધી ચાલુ રહેશે. જેમાં દરરોજ અલગ અલગ ગ્રામોત્થાન અને જન જાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવશે. એન.એસ. એસ.યુનિટના પ્રોગ્રામ ઓફિસર શ્રી હરિશકુમાર પંચાલે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જે.ડી.રાવલે કર્યું હતું.*

## મોરબી શહેરમાં ઢોર પકડ ઝુંબેશ અન્વયે ૪૬ રખડતા ઢોર પકડવામાં આવ્યા



વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

મોરબી મહાનગરપાલિકાની રખડતા ઢોર અંકુશ શાખા દ્વારા હાલમાં મોરબી શહેરી વિસ્તારમાંથી ઢોર પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અન્વયે તારીખ ૦૧/૦૨/૨૦૨૫ થી ૦૬/૦૨/૨૦૨૫ દરમિયાન મોરબી શહેરી વિસ્તારમાંથી ૪૬ રખડતા ઢોર પકડીને યદુનંદન ગૌશાળામાં મુકવામાં આવ્યા હતા. મોરબી શહેરના તમામ પશુપાલકોને પોતાની માલિકીના ઢોર માલિકીની જગ્યામાં બાંધીને રાખવા માટે અપીલ કરવામાં આવે છે. તેમ ડેપ્યુટી કમિશ્નરશ્રી (પ્રોજેકટ), મોરબી મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મોરબીમાં રીડયુઝ, રીયુઝ, રિસાયકલ સેન્ટર ખાતે વિવિધ સંસ્થાઓ અને નાગરિકોએ અનુદાન આપ્યું




વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

મોરબી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સ્વપ્નિલ ખરે દ્વારા રેનબસેરા ખાતે રીડયુઝ, રિસાયકલ અને રીયુઝ સેન્ટર/ RRR Center ની શરૂઆત કરવામાં આવી છે. RRR Center ખાતે મોરબી મહાનગરપાલિકા સ્ટાફ, રોટરી કલબ, ઈન્ડિયન લાયન્સ કલબ અને શહેરના નાગરિકો દ્વારા અંદાજિત ૫૫ જોડી કપડાં, ૧૫ નંગ રમકડાં, ૨ નંગ બુટ-ચપ્પલ તેમજ ૩ નંગ બુક્સનું ડોનેશન કરવામાં આવ્યું હતું. મોરબી શહેરના જરૂરિયાતમંદ વ્યક્તિઓ RRR Center નો સંપર્ક કરીને દાનમાં આવેલ વસ્તુઓ મેળવી શકશે. નગરજનોને RRR Center ખાતે તેમના જુના કપડાં, પુસ્તકો, રમકડાં તેમજ બુટ-ચપ્પલનું દાન કરવા માટે મોરબી મહાનગરપાલિકા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે. તેમ ડેપ્યુટી કમિશ્નરશ્રી (પ્રોજેકટ), મોરબી મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# CRIME CORNER

## ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારની અંદર મોટરના કેબલની ચોરી ની ઘટના ઓમાં વધારો : 15 જેટલા ખેડૂતના કેબલ ચોરાયા

વાત્સલ્યમ્ સમાચાર
હિતેન્દ્ર પટેલ

છેલ્લા કેટલાય સમયથી મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઈસરી પોલીસને પડકાર ફેંકતી હોય તેની મોટરના કેબલ ની ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોઈ તેવુ લાગી રહ્યુ છે છેલ્લા 15 દિવસની અંદર નવાગામ ખાતે પાણીના મોટરના કેબલ ચોરાયા ની અનેક ઘટના સામે આવી હતી જેમાં એક નહીં પરંતુ બાર ખેડૂતના ખેતરમાંથી પાણીના મોટરનું કેબલ ચોરાયું હતું. જે બાબતે ઈસરી પોલીસ સ્ટેશન ખાતે ખેડૂતો દ્વારા રજૂઆત કરી અરજી પણ આપવામાં આવી હતી પરંતુ હજુ સુધી મોટર કેબલની ચોરી કરનારા ઝડપાયા નથી તો ગતરાત્રીએ પણ ચાર જેટલા ખેડૂતોનું મોટરનું કેબલ ચોરાયની ઘટના સામે આવી છે જેમા ખેડૂતના જણાવ્યા અનુસાર પહેલા પણ ખેડૂતનું કેબલ ચોરાયું હતુ અને ફરથી એજ જગાએ ત્રણ મોટર કેબલ ચોરાયા છે હાલ ઘઉંની સીઝન ચાલું જેનાં કારણે ખેડૂતોમાં ભય પણ જોવા મળી રહ્યો છે દિવસને દિવસે મોટરના કેબલની ચોરી થયા એની ઘટનામાં દિન પ્રતિદિન વધારો જોવા મળ્યો છે ત્યારે ઈસરી પોલીસના નાઈટ પેટ્રોલિંગ પર અનેક સવાલો થઈ રહ્યા છે. હાલતો ખેડૂતોની એક જ માંગ સેવાઈ રહી છે કે મોટરના કેબલની ચોરી કરતી ગેંગ ને પકડવામાં આવે તેવી ખેડુતો ની તીવ્ર માંગ છે

## સુરેન્દ્રનગરના સાયલામાં સામાન્ય બોલાચાલીમાં મર્ડર ની ઘટના.

વાત્સલ્યમ્ સમાચાર
જેસીંગભાઈ સારોલા સાયલા

સાયલામાં તાલુકાના વાસુકી નગર હોળીધાર વિસ્તારમાં યુવતીના ધામધૂમથી લગ્ન કરવાની ઈર્ષા રાખી એક યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી દેવાય.સમગ્ર ઘટનાને જાણ થતા સુરેન્દ્રનગર એસ.ઓ.જી, એલ.સી.બી. લીંબડી ડી.વાય.એસ.પી સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો.પોલીસે આરોપીને શોધવાં અલગ અલગ ટીમો બનાવી હાથ ધરી. સાયલામાં અંગત અદાવતમાં ધોળા દિવસે એક યુવકની હત્યા કરવામાં આવી.દલિત સમાજના યુવકની હત્યાનો બનાવ બનતા દોડધામ.એક જ સમાજના લોકો વચ્ચે માથાકૂટ થતા મામલો ગરમાયો સાયલામાં જ હત્યાના બનાવથી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.લાશને પીએમ અર્થે ખસેડી પોલીસે વધુ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મોરબીમાં નેકસેસ લકઝરીયર્સ સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

મોરબી સીટી એ ડીવીઝન પોલીસને બાતમી મળેલ કે મહેશ હોટલની બાજુમા આવેલ ધર્મેન્દ્ર પ્લાઝામા આવેલ નેકસસ લકઝરીયર્સ નામના સ્પા.ના સંચાલક જયદીપભાઈ હમીરભાઈ મકવાણા રહે.મોરબી ઉમા ટાઉનશીપ પાછળ તથા નિશ્ચલભાઈ મહેશભાઈ ભીમાણી રહે. મોરબી શનાળારોડ સ્કાયમોલની સામે રામનગર વાળાઓ પોતાના સ્પામા બહારથી ગ્રાહકો બોલાવી તેઓને (બોડી મશાજ) ના ઓઠાતળે લલનાઓ સાથે શરીર સુખ માણવા માટે સવલતો પુરી પાડીને કુટણખાનુ ચલાવે તેવી બાતમીના આધારે રેઈડ કરતા આરોપી સ્પા માથી મળી આવેલ હોય તેમજ અલગ અલગ રાજ્યમાંથી મસાજનુ કામ કરવા આવેલ આઠ યુવતીઓ મળી આવેલ હતી તેમજ સ્થળ ઉપર થી રોકડા રૂ.૨૦૫૦૦/- તથા પાંચ મોબાઈલ ફોન કિ.રૂ.૧,૧૫૦૦૦/- કરી આરોપીઓ વિરુદ્ધ ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની ૧૯૫૬ની કલમ ૩(૧),૪,૫(૧)(એ)(ડી),૬(૧)(બી), ની કલમો મુજબ ગુન્હો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે

## વાંકાનેરના મકતાનપર ગામ પાસેથી વિદેશી દારૂ ભરેલી આઈ-૨૦ કાર ઝડપાઈ

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

વાંકાનેર તાલુકાના મકતાનપર ગામ પાસે શીવ સ્ટોન પથ્થરની ખાણ પાસે જાહેર રોડ પરથી આઈ-૨૦ કારમાથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૩૧ કિં રૂ. ૫૩,૪૬૯ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિં રૂ.૪,૫૩,૪૬૯ નો મુદ્દામાલ વાંકાનેર તાલુકા પોલીસે ઝડપી પાડયો છે. વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ટીમ વિસ્તારમાં કોમ્બીંગમા પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન પોલીસને ખાનગી રાહે મળેલ બાતમીના આધારે વાંકાનેર તાલુકાના પાડધરા ગામ પાસે વાહન ચેકીંગ કરતા હોય તે દરમ્યાન બાતમીવાળી નંબર વાળી કાર આવતા તેને રોકવાનો ઈશારો કરતા કાર ચાલકે પોતાની કારને એકદમ હંકારતા કારનો પીછો કરતા કાર ચાલક કારને મકતનાપર ગામ પાસે આવેલ શીવ સ્ટોન પથ્થરની ખાણ પાસે જાહેર રોડ પર કારને રેઢી મુકીને નાશી ગયેલ હોય જેથી કારની અંદર ચેક કરતા વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૧૩૧ કિ રૂ.૫૩,૪૬૯/- તથા હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર રજી નંબર GJ-03-MR-4227 ની કિ રૂ.૪,૦૦,૦૦૦/- ગણી કુલ કિ રૂ.૪,૫૩.૪૬૯ ના મુદામાલ સાથે કારને રેઢી મુકી નાશી જતા કાર ચાલક વિરૂદ્ધમાં વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન ધારા મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## મોરબીના મકરાણીવાસ પાસેથી ચોરાઉ બાઈક સાથે એક ઈસમ ઝડપાયો

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

મોરબી સિટી એ ડિવિઝન પોલીસને ખાનગીરાહે બાતમી મળેલ કે ચોરીમા ગયેલ મોટર સાયકલ સાથે આરોપી મકરાણીવાસ નદીના કાંઠે રોડ ઉપર થી મળી આવતા મોટરસાયકલ ના કાગળો માંગતા નહી હોવાનું જણાવતા પોકેટ કોપથી સર્ચ કરતા મોટરસાયકલ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ચોરીનુ હોવાનુ જણાતા આરોપી અલીઅસગર ઓસમાણભાઈ હુશેનભાઈ શેખ ઉ.વ.૨૨ રહે.વાંકાનેર રેલ્વે સ્ટેશન પાણીના પરબપાસે ઝુપડા જી. મોરબી મુળરહે. કચ્છવાળાની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ હતી ઈસમએ આ સિવાય પંદરેક દિવસ પહેલા સુપરમાર્કેટ રંગોલી આઈસ્ક્રીમ પાસેથી ચોરી કરેલ હોય અને તે મોટરસાયકલ તેમના ભાઈ શાહરૂખભાઈ ઓસમાણભાઈ શેખ રહે.ટંકારા પોલીસ સ્ટેશનની સામેના વિસ્તારમા વાળા ને આપેલ હોય જેથી આ બાબતે વધુ આગળની કાર્યવાહી હાથ ધરી મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ કલમ.૩૦૩(૨) મુજબના ગુન્હા ડીટેકટ કરવામાં આવેલ છે.

## હળવદના સુંદરગઢ ગામેની સિમમાંથી બીયરનો જથ્થો ઝડપાયો

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

મળતી માહિતી મુજબ હળવદ તાલુકા પોલીસ પેટ્રોલિંગમા હોય તે દરમ્યાન હળવદ તાલુકાના સુંદરગઢ ગામેની સિમમાં વનારકીના રસ્તે આરોપી રમણીકભાઈ ઉર્ફે બુધો અવચરભાઈ શીપરા તથા કરશનભાઈ ચંદુભાઈ બહાપીયા રહે. બંન્ને સુંદરગઢ ગામ તા. હળવદવાળાએ પોતાના હવાલાવાળા યામાહા મોટરસાયકલ રજીસ્ટર નંબર -જીજે-૩૬-એજી-૩૨૩૨ જેની કિંમત રૂ.૫૦,૦૦૦ તથા સ્પ્લેન્ડર મોટરસાયકલ રજીસ્ટર નંબર -જીજે-૩૬-એચ-૩૧૩૧ જેની કિંમત રૂ.૩૦,૦૦૦ વાળામા વેચાણ કરવાના ઈરાદાથી રાખેલ બીયર ટીન નંગ -૧૮૦ કિં રૂ. ૨૩૫૮૦ મળી કુલ કિં રૂ. ૧,૦૩,૫૮૦ નો મુદ્દામાલ હળવદ પોલીસે ઝડપી પાડી આરોપીઓ સ્થળ પરથી નાસી છુટતા પોલીસે બંને વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા શોધખોળ હાથ ધરી છે.

## મોરબીના શનાળા રોડ પર માધવ માર્કેટના પાર્કિંગ માંથી બાઈકની ઉઠાંતરી

વાત્સલ્યમ્ સમાચાર
ધવલ ત્રિવેદી-મોરબી

મોરબીના ઓએનચાસર રોડ પ્રમુખ સ્વામી સોસાયટીમાં ઓમ પેલેસ ફ્લેટ નં.૩૦૩ માં રહેતા વેપારી યુવક નિલેશભાઈ ચતુરભાઈ બારૈયા ઉવ.૩૧ ગત તા.૨૬/૦૧ના રોજ સવારના પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૦૩-એસી-૮૮૮૪ લઈને નીકળ્યા હોય તે દરમિયાન શહેરના નવા બસ સ્ટેન્ડ નજીક માધવ માર્કેટના પાર્કિંગ એરિયામાં પોતાનું ઉપરોક્ત બાઇક નિલેશભાઈ પાર્ક કરીને રોડની સામે પોતાના મિત્રને મળવા ગયા જ્યાંથી માત્ર ૧૫ મીનીટ બાદ પરત આવતા પાર્ક કરેલ બાઇક કોઈ અજાણ્યો વાહન ચોર ચોરી કરીને લઈ ગયો હોય, ત્યારે નિલેશભાઈ દ્વારા બાઇક ચોરી અંગે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ રૂબરૂ એ ડિવિઝન પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે, હાલ પોલીસે નિલેશભાઈની ફરિયાદને આધારે આરોપી અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસની તજવીજ શરૂ કરી છે.

## ચોરીની ઘટનાનો ભેદ ઉકેલાયો:ભરૂચ એસઓજી પોલીસે ચોરીના ગુના માં સંડોવાયેલા અને છેલ્લા ત્રણ વર્ષથી ફરાર બાળ ચોરને પકડી પાડ્યો

વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ

ભરૂચ એસઓજી પોલીસે એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે છેલ્લા ત્રણ વર્ષથી ફરાર એક બાળ ચોરને પકડી પાડ્યો છે. આ બાળક ભરૂચ શહેરના 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો હતો. એસઓજી પોલીસને બાતમી મળી હતી કે આ બાળક તેના પિતા સાથે શિતલ સર્કલ બ્રીજ નીચે હાજર છે. બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી અને બાળકને ઝડપી પાડ્યો. એટીએસ ચાર્ટર મુજબની કામગીરી અંતર્ગત નાસતા ફરતા આરોપીઓને પકડવાની સૂચના મળ્યા બાદ એસઓજી ટીમે આ સફળતા મેળવી છે. બાળકને તેના પિતાની હાજરીમાં પકડીને વધુ તપાસ અને કાયદેસર કાર્યવાહી માટે સી ડિવિઝન પોલીસ મથકને સોંપવામાં આવ્યો છે. પોલીસ હવે બાળકની સંડોવણી અન્ય કેસોમાં છે કે કેમ તે દિશામાં તપાસ કરી રહી છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટી.બી.અંગે જાગૃતિ ફેલાવવા માટે આરોગ્ય કર્મચારીઓની ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

વાત્સલ્યમ્ સમાચાર
દેવભૂમિ દ્વારકા



દેશભરમાં ચાલી રહેલા ૧૦૦ દિવસ ટી.બી.અભિયાન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં 'ટી.બી.હારેગા,દેશ જીતેગા'ની થીમ પર ટી.બી.અંગે લોકોમાં જાગૃતિ કેળવાય તે હેતુથી જિલ્લાના આરોગ્ય કર્મચારીઓની ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના તમામ તાલુકા તેમજ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા સહિત કુલ ૮ ક્રિકેટ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ ટીમોને તેના ડ્રેસ કોડમાં તથા ટ્રોફીમાં ટી.બી.અંગેના લોગો અને સૂત્રો તથા ટી.બી.ની થીમ પર ક્રિકેટ મેદાન પર સુંદર રંગોળી દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. જિલ્લા ક્ષય અધિકારીશ્રી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સહયોગથી યોજાયેલ આ ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ ખેલાડીઓને પ્રોત્સાહિત કરી ક્રિકેટની જેમ ટીમવર્કથી ક્ષય રોગ નિવારણ અને વિવિધ આરોગ્યલક્ષી કામગીરી કરીને ઉત્તમ પરિણામ લાવવા પ્રેરણા આપી હતી.

# અંકલેશ્વરના ચૌટા નાકા પર મધ્યરાત્રિએ કારમાં આગ:ફાયર બ્રિગેડની ટીમે અડધા કલાકની જહેમત બાદ કાબૂ મેળવ્યો

વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ



અંકલેશ્વર શહેરના વ્યસ્ત વિસ્તાર ચૌટા નાકા ખાતે મધ્યરાત્રી દરમિયાન એક કારમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. કારના આગળના ભાગમાં અચાનક આગ લાગતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર નગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સતત અડધા કલાક સુધી જહેમત ઉઠાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી, જે એક મોટી રાહતની વાત છે. કારમાં આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

# નવસારીના દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે પારિતોષિકો મેળવવા માટે અરજીઓ મંગાવાઈ

વાત્સલ્યમ્ સમાચાર
મદન વૈષ્ણવ



ગુજરાત સરકારના શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા રોજગાર અને તાલીમ ખાતા સંચાલિત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દ્વારા નવસારી જિલ્લાના દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે પારિતોષિક વર્ષ-૨૦૨૪ માટે શારિરીક ક્ષતિ ધરાવતી શ્રેષ્ઠ કાર્યક્ષમ વ્યકિતઓ/સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યકિતઓ , દિવ્યાગોને નોકરી રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા દિવ્યાંગ વ્યકિતઓને થાળે પાડવાની કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર્સ કેટેગરીઓની અરજીઓનો નમૂનો ખાતાની વેબસાઇટ www.talimrojgar.gujarat.gov.in. ઉપરથી મેળવી શકાશે તથા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, એ/૩ બહુમાળી મકાન, જુનાથાણા, નવસારી ખાતેથી વિના મૂલ્યે પણ મળી શકશે , પોતાની અરજી સાથે ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, છેલ્લા ત્રણ માસના દાક્તરી પ્રમણપત્ર અને અન્ય સબંધિત પ્રમાણપત્રો , ખોડ દર્શાવતા પોસ્ટ કાર્ડ સાઇઝના ફોટા સહિત બિડાણમા સામેલ રાખવા . નોકરીદાતા તેમજ પ્લેસમેન્ટ ઓફીસરે પણ ફોર્મમાં દર્શાવ્યા મુજબની પુરીપુરી વિગતો સબંધિત દસ્તાવેજો અરજી પત્રક સાથે બે નકલમાં રોજગાર વિનિમય કચેરીને ના ૨૪/૦૨/૨૦૨૫ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવાનું રહેશે .અધુરી વિગતવાળી/ નિયત સમયમર્યાદા બાદની આવેલ અરજી સ્વીકરવામા આવશે નહી.

# મુળીના દેવપરા ગામે કોલસાના ગેરકાયદેસર ખનન પર ખનિજ વિભાગનો દરોડો

વાત્સલ્યમ્ સમાચાર
બાવળિયા ઉમેશભાઈ સુરેન્દ્રનગર



સુરેન્દ્રનગર જીલ્લામાં ગેર કાયદેસર ખનીજ ચોરી તથા ગેર કાયદેસર પ્રવૃતી અટકાવવા અસરકારક અને પરીણામ લક્ષી કામગીરી કરવા સુચના કરેલ હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક વી.બી. જાડેજા સાહેબ સુરેન્દ્રનગર ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ જે અન્વયે મુળી પોલીસ સ્ટેશનના પીઆઇ પી. બી. લક્કડ, એએસઆઈ પરાક્રમસિંહ ધર્મેન્દ્રસિંહ, વિશ્વરાજસિંહ નવલસિંહ, રાયસંગભાઈ દાજીભાઈ, કીરીટસિંહ બાપલાલસિંહ સહિત પોલીસ સ્ટાફના માણસો દ્વારા પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન મુળી તાલુકાના દેવપરા ગામ સીમ વિસ્તારમાં તપાસ કરતા ત્રણ કુવાઓ કાર્બોસેલ(કોલસા) ખનીજના ખાણકામના હેતુથી ઉતારેલ અને કુવાઓ ઉપર લગાવેલ ચરખી મશીનો મળી આવતા તુરત જ ખાણખનીજ વિભાગ સુરેન્દ્રનગર નાઓની ટીમને જાણ કરી, ખાણખનીજ વિભાગ, સુરેન્દ્રનગર નાઓ સ્થળ પર આવી સદરહુ ત્રણેય કુવાઓ ઉપર તપાસ કરી ગેર કાયદેસર કાર્બોસેલ કોલસાના કુવાઓમાં ઉપયોગમાં લેવાતી ચરખી નંગ ૩ તથા લોખંડના પાઈપો નંગ ૬ તથા ટ્રેકટર ૧ તથા સ્થળ પર પડેલ કાર્બોસેલ (કોલસો)ની ખનીજ ચોરી પકડી કુલ રૂ.૮,૦૦,૦૦૦ નો મુદામાલ સીઝ કરી કાયદસેરની કાર્યવાહી કરી ખાણખનીજ વિભાગની ટીમે વધુ કાર્યવાહીકરવાસોપેલછે.

# ડાંગ:- હાથિ પગાને દેશવટો આપવાના કાર્યમાં સૌને સહ યોગી થવાની અપીલ કરતા ધારાસભ્ય વિજયભાઈ પટેલ

વાત્સલ્યમ્ સમાચાર
મદન વૈષ્ણવ



વઘઇ તા.૧૦- ડાંગ જિલ્લામાં એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત સામુહિક દવા વિતરણના કાર્યક્રમની શરૂઆત કરાવતા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલે, સ્વયં ગોળી ગળી તાલુકાના તમામ લક્ષિત લાભાર્થીઓને ગોળી ગળવાની અપીલ કરી હતી. તા.૧૦ થી ૧૨ ફેબ્રઆરી દરમિયાન વઘઇ તાલુકામા હાથ ધરાયેલા સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે, હાથિપગાને દેશવટો આપવાના કાર્યમાં સૌને સહયોગી થવાનો પણ આ વેળા અનુરોધ કર્યો હતો. એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીમાં ફાઈલેરિયા નિર્મુલન અંગેનો લક્ષ્યાંક નક્કી કરવામા આવ્યા છે. જે કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના ૯૭ ગામોના કુલ ૯૧૬૩૪ લોકોને DEC અને આલ્બેન્ડાઝોલ ટેબલેટનો સામુહિક દવા વિતરણનો કાર્યક્રમ તારીખ ૧૦ થી ૧૨ ફેબ્રઆરી દરમિયાન વઘઇ તાલુકાની મુખ્ય સાકરપાતળ, ઝાવડા અને કાલીબેલ પી.એચ.સી દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. જેમાં વઘઇ તાલુકાની તમામ આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યિક શાળા તેમજ કોલેજોમાં સામુહિક દવા વિતરણનો આજે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# વિજાપુર મહેશ્વર મહાદેવ મંદિર ના મહંત શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી સોમાનંદ મહારાજ નું મહાકુંભ થી પરત ફરતા ધારાસભ્ય એ સ્વાગત કર્યું

વાત્સલ્યમ્ સમાચાર
સૈયદજી બુખારી વિજાપુર



વિજાપુર મહેશ્વર મહાદેવ મંદિર ના મહંત શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી સોમાનંદ સરસ્વતી જી મહારાજ મહાકુંભ પ્રયાગરજ ખાતે ઉપસ્થિત રહીને ધાર્મિક પ્રક્રિયા પૂર્ણ કરી તેઓ પરત આવતા ધારા સભ્ય સી.જે ચાવડાએ ટીબી ચોક ખાતે સ્વામી શ્રી સોમાનંદ સરસ્વતી મહારાજનું ફૂલ વર્ષા કરી તેઓનું પ્ સ્વાગત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. જેમાં જિલ્લા પંચાયત ના પૂર્વ સદસ્ય હિતેન્દ્રસિંહ પરમાર તથા તાલુકા પંચાયત ના પૂર્વ પ્રમુખ વિજયભાઈ પટેલ સહિત મેશ્વરપુરા ગામના પાટીદાર સમાજ તેમજ સોસાયટી વિસ્તાર ના રહીશો તેમની સ્વાગત યાત્રા મા મોટી સંખ્યામાં જોડાઈ મહારાજ ના આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતા.

# પરીક્ષા પે ચર્ચા લાઈવ પ્રસારણ સંતરામપુર ની મુરલીધર વિદ્યાલયમાં સૌએ નિહાળ્યું

વાત્સલ્યમ્ સમાચાર
અમીન કોઠારી મહીસાગર



'પરીક્ષા પે ચર્ચા'ની આઠમી કડી અંતર્ગત મહીસાગર જિલ્લાની ૮૧૭ શાળાના ૮૧ હજારથી વધુ વિધાર્થીઓએ વડાપ્રધાનશ્રીના સંવાદનું પ્રસારણ નિહાળ્યું પ્રેરક માર્ગ દર્શન મેળવ્યું શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરે 'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫' અંતર્ગત મહીસાગરની શ્રી મુરલીધર વિદ્યાલયના વિદ્યાર્થીઓને તનાવ મુક્ત રહીને અને પરિક્ષા નો ડર છોડીને પરિક્ષા આપવા અનુરોધ કર્યો

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પરીક્ષા પે ચર્ચા'ની આઠમી કડી અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે કરેલા રાષ્ટ્ર વ્યાપી સંવાદનું પ્રસારણ મહીસાગર જિલ્લાની શાળાઓમાં પણ કરવામાં આવ્યું હતું. જિલ્લાની ૮૧૭ શાળાના ૮૧ હજારથી વધુ વિધાર્થીઓ શિક્ષકો, વાલીઓએ વડાપ્રધાનના સંવાદનું પ્રસારણ નિહાળ્યું પ્રેરક માર્ગદર્શન મેળવ્યું હતું. શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે 'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫' અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુરની શ્રી મુરલીધર વિદ્યાલય ખાતે આ કાર્યક્રમનું પ્રસારણ નિહાળ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ,શિક્ષકો અને વાલીઓ સાથે અર્થસભર સંવાદ સાધ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને તનાવ મુક્ત રહીને અને પરિક્ષાનો ડર છોડીને પરિક્ષા આપવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી મુરલીધર વિદ્યાલયની ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી ડામોર હર્ષિકાની દિલ્લી ખાતે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં પસંદગી થઈ હતી તેને શિક્ષણમંત્રીશ્રીના હસ્તે પ્રોત્સાહક ઈનામ તેમજ મેડલ આપી સન્માન કરાયું હતું સાથે સાથે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાળાના તેજસ્વી તારલાઓને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા

આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે 'પરીક્ષા પે ચર્ચા'ની આ આઠમી શ્રેણી છે.'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ આજે દેશ અને દુનિયામાં જાણીતો બન્યો છે. લાખો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ આ કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશ અને દુનિયાને નવો રાહ ચીંધી રહ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને દરેક વિદ્યાર્થીઓમાં તણાવ કે પછી સફળતા અને નિષ્ફળતાનો ભય રહેતો હોય છે. આ જ તણાવ અને ભયને દૂર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'પરીક્ષા પે ચર્ચા'ના માધ્યમથી દરેક સમસ્યાને હળવી બનાવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે, તેમાં યુવા પેઢીનો મહત્વનો ફાળો રહેવાનો છે તેની ભૂમિકા આપતા તેમણે વિદ્યાર્થીઓ વિકસિત ગુજરાત થી વિકસિત ભારત માટે સહભાગી થાય એવી અપીલ પણ શિક્ષણમંત્રીશ્રીએ કરી હતી.

# સર્વહિંદુ સમિતિ દ્વારા યોજાયેલા સમૂહ લગ્નોત્સવમાં માતા- પિતાવિનાની 51 દીકરીઓના લગ્નકરાયા હતા



વાત્સલ્યમ્ સમાચાર
જીતેશ જોષી પાલનપુર

પાલનપુરમાં રવિવારે રામપુરા ચાર રસ્તા નજીકના મેદાનમાં સર્વહિન્દુ સમાજ સમૂહલગ્ન સમિતિ અને સંકલ્પ ફાઉન્ડેશન દ્વારા ચોથોસમૂહલગ્નોત્સવ ઉજવાયો હતો આ પ્રસંગે દાતાઓ દ્વારા દીકરીઓને સોનાની ચૂની, ચાંદીની વિટી, ત્રણ માસની કરિયાણાન્તકીટ, ઘરવખરીની 133 ચિજવસ્તુ,અને સંકલ્પ ફાઉન્ડેશન દ્વારા ચોથોસમૂહલગ્નોત્સવ ઉજવાયો હતો.જેમાં માતા - પિતા વિનાની એકાવનદીકરોઓએ પ્રભુતામાં પગલા પાડ્યા માતા- પિતા વિનાની એકાવન દીકરીઓના સમૂહલગ્નોત્વ પ્રસંગેસમિતિના રાકેશભાઇ રાવળ, સચિનભાઇ શેખલીયા, સાગરભાઈજાની, અશ્વિનભાઇ સકસેના, ધવલભાઇ જોષી, નીતાબેન પ્રજાપતિ,બળવંતભાઇ ઠાકોર, પિન્કીબેન ખડાલીયા. વિહોતર ગ્રુપ ઓફ ગુજરાતના જીવરાજભાઈ આલસહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. ધારાસભ્ય અનિકેતભાઇ ઠાકર,માવજીભાઇ દેસાઇ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગેયોજાયેલા ભોજન સમારંભમાં વીસહજારથી વધુ જાનૈયાઓને ભોજનલીધુ હતુ. આ પ્રસંગે જુદાજુદા સ્ટોલબનાવવામાં આવ્યા હતા. જ્યાંઅયોધ્યામાં ભગવાન શ્રીરામનામંદિરની પ્રતિકૃતિ મૂકવામાં આવીહતી. લગ્નમાં આવેલા લોકોનેવિનામૂલ્યે છોડ અપાયા હતા. દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું જેમાંજીવ દયા ફાઉન્ડેશન દ્વારા ૫૧. દીકરીઓને બાજોઠ અને કળશ પિન્કીબેન ખડાલીયા અને જીવદયા પ્રેમી ઠાકોર દાસ ખત્રી હસ્તે આપવામાં આવી વિહોતર ગૃપ ઓફ ગુજરાતના પ્રમુખજીવરાજભાઈ આલ દ્વારા જીવ દયા ફાઉન્ડેશનના ઠાકોર દાસ ખત્રી. અને પિન્કીબેન ખડાલીયા નું મુમેન્ટ આપીને સન્માન કરવા આવ્યું તથાજીવ દયા ફાઉન્ડેશન દ્વારા ૫૧. દીકરીઓને લગ્નની ચપ્પલ ભરત ફૂટવેર (ભરતભાઈ એસ બાયડ) સહયોગથી આપવામાં આવે શ્રી માવજીભાઈ દેસાઈ. (ધારાસભ્ય ધાનેરા) દ્વારા.જીવદયા પ્રેમી ઠાકોર દાસ ખત્રી . ભરતભાઈ એસ બાયડ. પિન્કીબેન ખડાલીયા. નુ મુમેન્ટ આપીને સન્માન કરવામાં આવ્યું


# મહેસાણા જિલ્લાના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સજ્જ થશે



વાત્સલ્યમ્ સમાચાર
સૈયદજી બુખારી વિજાપુર

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.શરદ ત્રિવેદીના માર્ગદર્શન નીચે મહેસાણા જિલ્લાના પ્રાથમિક શિક્ષણ તંત્ર દ્વારા ધોરણ-૫ ના વિદ્યાર્થીઓમાં અધ્યન નિષ્પત્તિ આધારિત વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તે માટે NEP-૨૦૨૦ને ધ્યાને લઈ વિશેષ કામગીરી થઈ રહી છે. ગત ૧૧ જાન્યુઆરી-૨૦૨૫ ના રોજ ધોરણ-૫ ના ૨૩ હજારથી વધુ વિદ્યાર્થીઓની ૧૨૦ ગુણની બેઈઝ લાઈન કસોટી લેવામાં આવેલ. આ કસોટીના આધારે જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ કયા વિષયમાં વિશેષ ક્ષમતા ધરાવે છે તેમજ કયા વિષયની કઈ અધ્યયન નિષ્પત્તિઓમાં કચાસ ધરાવે છે તે જાણી તેમને આગામી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિશેષ તૈયારી કરાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી.કૉ.ઓ., સી.આર.સી.કો.ઓ વગેરે મોનીટરીંગ સ્ટાફ દ્વારા ધોરણ-૩થી૫ના શિક્ષકોને આ બાબતે બ્લોક, ક્લસ્ટર અને શાળા કક્ષાએ તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા પૂર્વે સારી તૈયારી કરાવી શકાય તેના ભાગરૂપે આગામી બુધવાર તારીખ ૧૨-૦૨-૨૦૨૫ ના રોજ મહેસાણા જિલ્લા પંચાયત હસ્તકની તમામ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૫માં ભણતા ૨૩૭૬૯ વિદ્યાર્થીઓની સવારે ૧૧-૩૦ થી બપોરે ૨-૦૦ વાગ્યા સુધી ૧૨૦ માર્કસની એમ.સી.ક્યૂ. બેઈઝ અનુભવ કસોટી યોજાશે

# કાલોલ શહેર ભાજપમાં મોટી કાર્યવાહી, 8 ભાજપ કાર્યકર્તાઓને પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સસ્પેન્ડ કરાયા



વાત્સલ્યમ્ સમાચાર
સાજીદ વાઘેલા કાલોલ

કાલોલ શહેર ભાજપમાં શિસ્તભંગનાં પગલાં સ્વરૂપે મોટી કાર્યવાહી કરવામાં આવી છે.કાલોલ શહેર ભારતીય જનતા પાર્ટીના 8 હોદ્દેદારો જેમાં પીન્કેશ ભવલાભાઇ પારેખ, અંજનાબેન દેવેન્દ્રપ્રસાદ મહેતા, રમેશભાઇ કેશવભાઇ કોન્ટ્રાક્ટર, કિરીટકુમાર જયંતીલાલ પટેલ, રાજેશ્રીબેન કિરીટકુમાર પટેલ, મોનલબેન આશિષકુમાર જોશી, આશિષકુમાર જોશી અને નારણભાઇ ઘનશ્યામભાઈ કાછિયા ને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જે પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ એક પ્રત્ર દ્વારા વોર્ડ નંબર એક,વોર્ડ નંબર બે,વોર્ડ નંબર ત્રણ અને પાંચ માં પક્ષના અધિકૃત ઉમેદવાર વિરોધી અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી આ પક્ષ વિરોધી પ્રવૃત્તિ અને શિસ્તભંગના કારણે તેમને કાલોલ શહેર ભાજપના પ્રાથમિક સભ્ય પદેથી દુર કરવામાં આવ્યાં છે આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે.

# મેઘરજ ની શ્રી પી સી એન હાઈસ્કૂલ અને સમાજ નું ગૌરવ



વાત્સલ્યમ્ સમાચાર
અહેવાલ :હિતેન્દ્ર પટેલ

2036ના ઓલમ્પિક ની પૂર્વ તૈયારી ના ભાગરૂપે ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટિ,ગાંધીનગર દ્વારા આયોજિત સીધી રાજ્ય કક્ષાની અંડર -11 અથેલેટિક મીટ સિઝન -3 માં 100 મીટર રનીગ અને 60 મીટર રનીગ માં મેઘરજ ની શ્રી પી સી એન હાઈસ્કૂલ માં અભ્યાસ કરતી નનામા ધ્રુવી રવિન્દ્રકુમાર અને નીનામા સૃષ્ટિ રવિન્દ્રકુમાર સ્પર્ધા મા ભાગ લઈ પોતાની સ્કૂલ અને સમાજ નું ગૌરવ ઊભું કર્યું છે. આ બંને ને સ્પર્ધા મા ભાગ લેવા બદલ રાવપુરા ના ધારાસભ્ય શ્રી બાલકૃષ્ણ સાહેબ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.આ સ્પર્ધા મા રાજ્યભર મા થી 5000 થી વધારે સ્પૃધકો ભાગ લઈ સીધી રાજ્ય કક્ષાની અંડર -11 અથેલેટિક મીટ સિઝન-૩ સફળ બનાવી હતી.

# સાબરકાંઠા જિલ્લા પ્રા.શિ. સંઘ અને તમામ તાલુકા પ્રા.શિ. સંઘના આયોજન થી ચાણાક્ય ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામા આવ્યુ

વાત્સલ્યમ્ સમાચાર
પ્રતિક ભોઈ



સાબરકાંઠા જિલ્લા પ્રા શિ સંઘ અને તમામ તાલુકા પ્રા શિ સંઘના આયોજન થી ચાણાક્ય ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામા આવ્યુ જેમાં આજરોજ ખેડબ્રહ્મા અને ઈડર વચ્ચે ફાઈનલ મેચ રમવામા આવી તેમા ખેડબ્રહ્મા વિજેતા બનીસમાપન કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી હિંમાંશુભાઇ નિનામા સાહેબ ઉપસ્થિત રહી તમામ ખેલાડી શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા કાર્યક્રમા જિલ્લાસંઘ ના પ્રમુખશ્રી વિનયભાઇ પટેલ મહામંત્રીશ્રી સુરેશભાઇ સહમંત્રી પીનલભાઇ ખાસ ઉપસ્થિત રહ્યાવિજેતા ટીમ રનર્સઅપ ટીમ MoS અને MoM ને ટ્રોફી અર્પણ કરી સન્માન કરવામા આવ્યુ બંને ટીમના તમામ ખેલાડીને મેડલ આપી સન્માનિત કરવામા આવ્યાસમગ્ર વ્યવસ્થા જાળવવામા મદદરુપ બનનાર ઈડર સંઘ ના પ્રમુખ કલ્પેશભાઇ અને ઈડરના મિત્રોનો ખૂબખૂબ આભાર

# ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા વડીલ વંદના નો કાર્યક્રમ યોજવામાં આવ્યો, 155 ઉપરાંત વડીલોનું પૂજન તેમના શ્રવણ જેવા સંતાનો દ્વારા કરવામાં આવ્યું

વાત્સલ્યમ્ સમાચાર
અનિરૂધસિંહ બાબરીયા - કેશોદ



કેશોદના બાયપાસ પર આવેલ ન્યુ એરા પ્રોફેસર એકેડમી ખાતે ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વડીલ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો આ કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ તને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી આ તકે કેશોદના લોકપ્રિય દેવાભાઈ માલમ તથા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શરૂઆતમાં ધારાસભ્ય તથા નગરપાલિકા પ્રમુખ નું સન્માન સંસ્થાના પ્રમુખ મહાવીરસિંહ જાડેજા, ડોક્ટર સ્નેહલ તન્ના સંસ્થાના મંત્રી દિનેશભાઈ કાનાબાર આર પી સોલંકી દ્વારા કરવામાં આવેલમહેમાનો નું શબ્દોથી સ્વાગત પ્રમુખ મહાવીર સિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ વસુદેવ કુટુંબકમ અને માતૃદેવો પિતૃદેવોની ભારતીય સંસ્કૃતિમાં રહેલ અમૂલ્ય પારિવારિક સંબંધોનું સંવર્ધન થાય તથા તે ભવ્ય સંસ્કાર આવનારી પેઢીમાં યથાવત રીતે પ્રસ્થાપિત થાય તેવા એક મુહિમ સાથે ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા દર વર્ષે વેલેન્ટાઇન દિવસની સામે વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે, આ વર્ષે પણ તારીખ 9 ફેબ્રુઆરી 2025 ના રોજ ન્યુ એરા પ્રોફેસર એકેડમી ના પરિસરમાં તે સંસ્થાના જ સૌજન્યથી ખૂબ જરૂરી એવો વડીલ વંદના નામનો એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો,જેમાં આ વિસ્તારના જાણીતા ભાગવતાચાર્ય શ્રી પ્રશાંત શાસ્ત્રીજી-વિનય આશ્રમ કેશોદ દ્વારા શાસ્ત્રોત વિધિથી પૂજન અર્ચન કરાવવામાં આવ્યું હતું. જેમાં 155 જેટલા વડીલોનું તેમના શ્રવણ જેવા સંતાનો દ્વારા શાસ્ત્રોક વિધિથી આરતી સાથે પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડીલો આઅને સંતાનોના સંબંધોને અનુરૂપ પ્રસંગિક પ્રવચન માટે રાજકોટથી પધારેલ નિવૃત્ત આચાર્ય શ્રી વી.ડી. વઘાસીયા સાહેબ દ્વારા ખૂબ સરસ ઉપયોગી પ્રવચન આપવામાં આવ્યું હતું તથા આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ન્યૂરા પ્રોફેસર એકેડમીના ધોરણ 9 ની બાળાઓ દ્વારા વડીલોની વ્યથા નામનું ખૂબ સરસ નાટક ભજવવામાં આવ્યું હતું આ કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ્ ગાનથી કરવા આવી હતી ત્યાર બાદ વડીલોના બાળપણ યાદ કરાવતી વિવિધ દેશી રમતો દિનેશભાઈ કાનાબાર, જીતેન્દ્ર ધોળકિયા, આર પી સોલંકી, ડો સ્નેહલ તન્ના, જગમલભાઈ નાંદાણીયા દ્વારા રમાડવામાં આવી હતી, દરેક વિજેતા વડીલોને મોમરન્ટો આપવામાં આવ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ભૂપેન્દ્ર જોશી દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમને સફળ બનાવવા સંયોજક સંદીપ ઠકરાર , કાળુભાઈ ઠકરાર વિજય મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી

# ભરૂચ નગર સેવાસદનના વોટરવર્ક્સ વિભાગમાં ફરજ બજાતા કર્મચારીનું ચાલુ ફરજ દરમિયાન મોત નિપજતા તેમના પરિવારજનોને યોગ્ય વળતરની માંગ સાથે રજૂઆત

વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ



ભરૂચ નગર સેવાસદનના વોટરવર્ક્સ વિભાગમાં રોજમદાર કામદાર તરીકે છેલ્લા 27 વર્ષની ફરજ બજાવતા શંભુ જયસીંગભાઈ વસાવાનું તારીખ 21-1- 2025ના રોજ સોનેરી મહલ ટાંકી પર ફરજ દરમિયાન રાત્રિના સમયે મોત નિપજ્યું હતું.આ અંગે તેઓના પરિવારજનો તેમજ આદિવાસી સમાજના આગેવાનો દ્વારા નગરપાલિકામાં યોગ્ય વર્તનની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી વળતર ન ચૂકવાયું હોવાના આક્ષેપ સાથે આજરોજ કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી અને મૃતકના પરિવારજનોને યોગ્ય વળતર તેમજ તેમના પુત્રને નોકરીની માંગ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં નગરસેવક હેમેન્દ્ર કોઠીવાલા સહિત આદિવાસી સમાજના આગેવાનો અને પરિવારજનો જોડાયા હતા.`

# શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ સંચાલિત એન.પી. પટેલ આર્ટ્સ એન્ડ એસ.એ.પટેલ કોમર્સ કોલેજ પાલનપુરનુ ગૌરવ

વાત્સલ્યમ્ સમાચાર
જીતેશ જોષી પાલનપુર



પાલનપુર મા બાપ વિહોણી સર્વે જ્ઞાતિ સમૂહ લગ્ન પ્રસંગે ધાનેરાના માનનીય ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈના હાથે એન.પી.પટેલ આર્ટ્સ એન્ડ એસ.એ.પટેલ કોમર્સ કોલેજ પાલનપુરની વિધાર્થીની ચૌધરી રમીલાબેન કામાભાઈ અભ્યાસની સાથે સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત યોગ ટ્રેનર ટ્રેનીંગ લઈ યોગ ટ્રેનર તરીકે સર્ટીફીકેટ પ્રાપ્ત કરી યોગ કલાસ શરૂ કરી સમાજ સેવાનું કાર્ય કરેલ છે.નાની ઉંમરમાં યોગ ટ્રેનરનુ પદ પ્રાપ્ત કરી કુલ 06 યોગ સાધકના કલાસ અત્યાર સુધી કરેલ છે.અને કોલેજમાં પણ આંતર કોલેજ યોગાસન અને કબડ્ડી જેવી સ્પર્ધોમાં પણ ભાગ લીધેલ છે. તે બદલ સર્વે જ્ઞાતિ સમૂહ લગ્ન સમિતિ દ્વારા અને ધાનેરાના માનનીય ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈના હાથે સન્માન કરવામાં આવ્યું હતું તે બદલ સંસ્થા પરીવાર અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.

# નડિયાદ જવાહરનગર વિસ્તારમાં દેશી દારૂ પીતા 3 વ્યક્તિઓના મોતથી ખળભળાટ

વાત્સલ્યમ્ સમાચાર
કુંજન પાટણવાડીયા



નડિયાદના મંજીપુરા વિસ્તારમાં, દેશી દારૂ પીધા પછી ત્રણ લોકોના શંકાસ્પદ મોત થયા છે. સ્થાનિક સૂત્રો મળતી માહિતી મુજબ નડિયાદની જય મહારાજ સોસાયટી પાસે દારૂ પીધાના કારણે ત્રણ જણાના મોત થવાનો મામલો સામે આવ્યો છે. નડિયાદના પોલીસ સૂત્રો ધ્વારા મળેલ માહિતી મુજબ,મૃત્યુ પામેલાઓને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું છે.નડિયાદ શહેરમાં લઠ્ઠાકાંડ જેવી ઘટના બનતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.દેશી દારૂના અડ્ડા પર દારૂ પીધા બાદ ત્રણ વ્યકિતના મોત થયા હતા.આ અડ્ડા પરથી દસથી પંદર લોકોએ દેશી દારૂ પીધો હોવાનું અનુમાન છે. આ તમામ મૃતકોને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જોકે, મૃત્યુઆંક વધવાની સંભાવના છે. આ ઘટનાને પગલે સિવિલ હોસ્પિટલમાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં એક બુટલેગરની અટકાયત કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ૩ લોકોના મોતની તપાસ માટે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓ, સ્થાનિક LCB, SOG, DYSP, અને IBની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. નડિયાદ જવાહરનાગર સોસાયટીમાં જય મહારાજ સોસાયટી પાસે, મંજીપુરા રોડ ફાટક પાસે પોલીસની ગાડીઓ પહોંચી ગઈ હતી. એક બહેરો મૂંગો વ્યક્તિ પણ આમાં ભોગ બનવાની આશંકા છે અને એક પાણી પૂરી વેચનારનું પણ મોત થયું છે.નડિયાદ શહેરના જવાહરનગરના ફાટક પાસે ચાલતા દેશી દારૂના અડ્ડા પર ગઈકાલે મોડી સાંજે દારૂ પીધા બાદ યોગેશકુમાર ગંગારામ કુસ્વાહા, રવિન્દ્ર રાઠોડ અને કનુ ધનજી ચૌહાણની તબીયત લથડી હતી અને લથડીયા ખાવા લાગતા નજીકના સ્થળ પર પડી ગયા હતા અને પરિવારજનોને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ ત્રણેયને 108 મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે યોગેશ કુસ્વાહા, રવિન્દ્ર રાઠોડ અને કનુ ચૌહાણને મૃત જાહેર કર્યા હતા. આ દેશી દારૂના અડ્ડા પરથી દેશી 15 લોકોએ દારૂ પીધો હોવાનું અનુમાન છે.

આગામી સમયમાં મૃત્યુઆંક વધે તેવુ મનાઈ રહ્યું છે.આ ત્રણ લોકોના મોત થતા નડિયાદ સિવિલ હોસ્પિટલમાં તબીબો દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલી સાથે છે.

આ ઘટનાને પગલે ડીવાયએસપી, એસઓજી, એલસીબી સહિતની ટીમનો કાફલો દોડી આવ્યો હતો. નડિયાદ ટાઉન પીઆઈ એમ.બી. ભરવાડના વિસ્તારમાં લઠ્ઠાકાંડ થતા પોલીસે તપાસ હાથ ધરી હતી. શહેરના એક બુટલેગરની અટકાયત કરી હોવાનું પણ બહાર આવ્યું છે. સિવિલ હોસ્પિટલ સંકુલમાં મૃતકોના સગા અને અન્ય લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસ સમક્ષ રોષ વ્યકત કર્યો હતો. આ બુટલેગરને તાત્કાલિક પકડીને ધોરણસરની કાર્યવાહી કરવાની માગણી ઉઠી છે.

આ મામલે જ્યારે મૃતકોના બ્લડ સેમ્પલ લઈને ગાંધીનગર તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા તો તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. રિપોર્ટમાં જાણકારી મળી કે મૃતકોના બ્લડમાં મિથાઈલ આલ્કોહોલ હતું જ નથી. ઉલ્લેખનીય છે કે મૃતકોના પરિજનો દાવો કરી રહ્યા છે કે દેશી દારૂ પીવાને કારણે આ લોકો ગણતરીની મિનિટોમાં જ મૃત્યુ પામી ગયા હતા.

# વડાલી ના કેટલાક જોલાછાપ ડોકટરે ની સારવાર થી આશા- સ્પ્દ પત્રકાર નું નિધન થતા લોક ચર્ચા જોર પકડ્યું

વાત્સલ્યમ્ સમાચાર
જયંતિ પરમાર સાબરકાંઠા



સાબરકાંઠા જીલ્લામા આરોગ્ય વિભાગની રાહબરી હેઠળ ઠેર ઠેર જોલાછાપ ડોકટરો ફુલ્યા ફાલ્યા છે ઠેર ઠરે ગામડા હોય કે શહેર ગલીયે ગલીયે જોલા છાપ ડોક્ટરોનો રાફડો ફાટ્યો છે. ડોક્ટરો કોઈપણ જાતની ડીગ્રી વગર ભોળી જનતાને મૂર્ખ બનાવી સારવાર કરી મસમોટી કમાણી કરી રહ્યા છે થોડાક સમય પહેલા વડાલી શહેર ના એક ડોકટર ની સારવાર દરમ્યાન એક આશા સ્પ્દ પત્રકાર નું નિધન થયું હતું તેમ છતાં આ ડોકટર બિન્દાસ પણે તંત્રની રહેમ નજર હેઠળ મોત ની દુકાન ચલાવી રહ્યા છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ 6 જાન્યુઆરીના દિવસે સવારે સવારે 10:30 કલાકે ઈડર સત્યમ ચોકડી પાસે રહેતા પત્રકાર પ્રફુલ ભાઈ બારોટ (મૂળ રહે નવા ચામું તા વડાલી) તેમજ તેમના પત્ની નયનાબેન તેમજ તેમના એક મિત્ર સાથે વડાલી હોસ્પિટલ ગયા હતા પ્રફુલભાઈ બારોટને જીરણ તાવ આવતો હોવાથી વડાલી નવજીવન હોસ્પિટલ શાંતિલાલ ભોજાણી પાસે ગયા હતા ત્યાં ડોકટરે તપાસ કરી હતી અને દવા ની બોટલ ચડાવી હતી 40 સેકન્ડ મા પ્રફુલભાઈને શરીરે ખજવાળ તેમજ વોમિટ થઈ હતી પ્રફુલભાઈ અંકોસીસિય થઈ ગયા હતા નયનાબેને ડોકટર ને પૂછ્યું હતું મારાં પતિ ને સુ થાય છે ત્યારે ડોકટરે કહ્યું હતું દવા નું રીએક્શન છે હું એન્ટી ડોઝ આપી દઉં છું કઈ નહિ થાય ડોકટરે એન્ટીડોઝ આપ્યા હોવાછતાં કોઈ ફરક ના પડતા વધુ સારવાર માટે આગળ લઈ જવા માટે પ્રફુલભાઈ ને ઊંચા કરી ગાડીમા મુકવા કોઈ પણ ન આવ્યું હતું બુમાબુમ કરતા એક બે જણ મદદ આવ્યા ત્યાર બાદ ઈડર ની એક ખાનગી હોસ્પિટલ લાવવામા આવ્યા ડોક્ટર ની સારવાર મળે તે પહેલા તેમનું મોત થયું હતું ઈડર સિવિલ હોસ્પિટલ મા પોસ્ટમોટમ લઈ જવામાં આવ્યા હતા પોલીસ ને જાણ કરવામા આવી હતી પોલીસે એડી નોંધી હતી આશા સ્પ્દ પત્રકાર ના મોત પત્રકાર આલમ મા આવા જોલાછાપ ડોકટર સામે આક્રોશ જોવા મળ્યો હતો તંત્ર કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠવાપામી હતી.

# કરાના મુવાડા અને સણસોલી પ્રા. શાળાના બાળકો નો સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



વાત્સલ્યમ્ સમાચાર
સાજીદ વાઘેલા કાલોલ

કાલોલ તલુકા ની કરાના મુવાડા અને સણસોલી પ્રાથમિક શાળામાંથી તારીખ ૬/૨/૨૦૧૫ ના રોજ એક દિવસીય પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં સૌ પ્રથમ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા નગર ની મુલાકાત લેવા માં આવી હતી.જ્યાં બાળકો એ વિશ્વ ની સૌથી ઉંચી પ્રતિમા કે જેમાં ભારત ને એક કરનાર મહાપુરુષ સરદાર પટેલ ના યોગદાન વિશે બાળકો ને શિક્ષકો દ્વારા સમજણ આપી હતી. માં નર્મદાના દર્શન કર્યા હતાં. ત્યાર બાદ પોઈચા માં સ્વામિનારાયણ ભગવાન ના દર્શન કરીને ત્યાં પ્રદર્શન ની મજા માણી હતી.આ પ્રવાસ માં બન્ને શાળા ના આચાર્ય અને શિક્ષકો બાળકો સાથે રહીને જરૂરી માર્ગદર્શન અને સમજ આપી હતી.

# રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ જીતીને આવનારી ભરૂચ ની દીકરી ઋષીથા

વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ



૬૮ની રાષ્ટ્રીય સ્કૂલ ગેમ્સ શૂટિંગ ચેમ્પિયનશિપ માં ગોલ્ડ મેડલ મેળવી ભરૂચ ડિસ્ટ્રિક રાઈફ્લ એસોસિયેશન નું નામ રોશન કર્યું છે જે ભરૂચ જિલ્લા માટે ગૌરવ ની વાત છે. કોચ મિત્તલ ગોહિલ ના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ લઈ ભરૂચ ના શૂટર અવારનવાર મેડલ નો વરસાદ કરતાજ હોય છે. પ્રેસિડેન્ટ અરૂણસિંહ રાણા અને સેક્રેટરી અજય ભાઈ પંચાલએ ઋષિથા સેલવા ને અભિનંદન પાઠવી તેને આવનાર સ્પર્ધાઓમાં આગળ વધવા પ્રોત્સાહિત કરેલ છે. ૧૧ વર્ષ ની ઋષિથા રાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવી ભરૂચ નું નામ રોશન કરી શકે છે તો ભરૂચ ના બીજા બાળકો એ પણ આગળ આવી શૂટિંગ શેત્રે જોડાવું જોઈએ તેમ લોકો ઈચ્છી રહ્યાં છે.

# ભરૂચ જિલ્લામાં એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અને કૃમીનો નાશ થાય તે માટે આલ્બેન્ડાઝોલ ટેબલેટનો માસ ડ્રગ એડમીનીસ્ટેશન કાર્યક્રમ યોજાયો

વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ



ભરૂચ -- એલીમીનેશન ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીમાં ફાઈલેરિયા નિર્મુલન અંગેનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. લિમ્ફેટીક ફાઈલેરીયાસીસ (હાથીપગા) રોગના દર્દીઓ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં નોંધાયા હતા. જિલ્લા કલેકટર શ્રી ગૌરાંગ મકવાણાના માર્ગદર્શન અનુસાર ફાઈલેરિયા નિર્મુલન માટે નેત્રંગ તાલુકા વિસ્તારના તમામ લોકોને આજથી ૧૨ ફેબ્રુઆરી સુધી આરોગ્ય વિભાગ દ્વારા DEC અને આલ્બેન્ડાઝોલ ટેબલેટનો માસ ડ્રગ એડમીનીસ્ટેશન (MDA) ની સામુહિક દવા વિતરણનો કાર્યક્રમ શરૂ કરાયો છે. આ કાર્યક્રમમાં નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી વસુધાબેન વસાવા તેમજ અન્ય પદાધિકારીગણ તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીગણે ફાઈલેરિયા નિર્મુલન કાર્યક્રમમાં ભાગ લઈ લિમ્ફેટીક ફાઈલેરીયાસીસની દવા આરોગીને લોકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

વધુમા, માસ ડ્રગ એડમીનીસ્ટેશન (MDA) ની કામગીરીમાં મહિલા અને બાળવિભાગ, શિક્ષણ અને આરોગ્ય વિભાગના સહકાર અને સંકલનથી નેત્રંગ તાલુકા વિસ્તારમાં તાલુકાની કુલ ૧,૦૭,૩૧૭ જેટલી વસ્તીને આવરી લઈ DEC અને આલ્બેન્ડાઝોલ ટેબલેટનો સામુહિક દવા વિતરણનો કાર્યક્રમ શરૂ કરી નેત્રંગ તાલુકામાં આરોગ્ય વિભાગના કર્મચારીઓની ૯૨ જેટલી ટીમ હાઉસ ટુ હાઉસ, ઈંટના ભઠ્ઠાઓ, જાહેર સ્થળ, ફરી ઉંમર પ્રમાણે નિયત ડોઝ રૂબરૂમાં ગળાવવામાં આવી રહ્યા છે. જેમાં નેત્રંગ તાલુકાની ૧૫૦ આંગણવાડીના બાળકો, ૧૩૭ શાળાઓ તેમજ ૧ કોલેજના વિદ્યાર્થીઓને પણ આવરી લેવાયા છે.

# દાહોદ જનતા ટાઈગર સેના દ્વારા સ્થાનિક રોજગારને લઈ મુખ્ય કારખાના પ્રબંધકને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવ્યું

વાત્સલ્યમ્ સમાચાર
અજય સાંસી દાહોદ



દાહોદ જિલ્લામાં આવેલ રેલવે કારખાનામાં ૯૦૦૦ એચ.પી. લોકોમોટિવ નિર્માણ પ્રોજેક્ટ માં સ્થાનીય શિક્ષિત બેરોજગાર નવયુવાનોને નોકરી માં પ્રાથમિકતા મળે તે હેતુ થી જનતા ટાઈગર સેના દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું કે, માનનીય પ્રધાનમંત્રી દ્વારા એપ્રિલ ૨૦૨૨ માં ઘોષિત ભારતીય રેલ્વે દ્વારા લગભગ ૨૦૦૦૦ કરોડ રૂપિયામાં ૯૦૦૦ એચ.પી લોકોમોટીવ નિર્માણ પ્રોજેક્ટ નું કાર્ય દાહોદમાં સ્થિત રોલિંગ સ્ટોક કારખાનામાં કરવામાં આવશે આ પરિયોજના અંતર્ગત સિમેન્સ લિમિટેડ એજન્સી દ્વારા ૯૦૦૦ ક્ષમતા વાળા ૧૨૦૦ ઈલેક્ટ્રિક લોકોમોટિવ નિર્માણ કરવામાં આવશે. અને આ લોકોમોટીવ નું નિર્માણ કાર્ય સિમેન્સ લિમિટેડ એજન્સી દ્વારા ચાલુ થઈ ચૂક્યું છે.દાહોદ જીલ્લો આદિવાસી વિસ્તાર ધરાવે છે. અને આ જિલ્લામાં રોજગાર નું કોઈ અન્ય સાધન નથી. અહી ના આદિવાસી નવયુવાનો શિક્ષિત બેરોજગાર છે. આ પરિયોજના અંતર્ગત લગભગ ૧૦૦૦૦ લોકોને રોજગાર મળી શકે તેમ છે. આ પરિયોજના નો ઉદ્દેશ્ય સ્થાનિક વિકાસ ને વધારવાનો છે. આ પરિયોજના અંતર્ગત સ્થાનિક શિક્ષિત બેરોજગાર નવયુવાનોને એમની લાયકાત મુજબ સિમેન્સ લિમિટેડ એજન્સી માં નોકરી માટે પ્રાથમિકતા આપવામાં આવે જો સ્થાનિક શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં નહિ આવે તો સ્થાનિક યુવાનો દ્વારા કારખાનાના પ્રવેશદ્વાર ની સામે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી

# છોટાઉદેપુર નગરપાલિકા ચૂંટણીના મતદાન મથકની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી ગાર્ગી જૈન



વાત્સલ્યમ્ સમાચાર
મૂકેશ પરમાર,, નસવાડી

સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૨૦૨૫, સમગ્ર રાજયમાં ૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડની ૧૮૪૪ બેઠકો પર ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મતદાન થનાર છે.સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૫માં છોટા ઉદેપુર નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોધાવી.છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા મતદાન દિનને ધ્યાનમાં રાખીની પૂરજોષમાં કામગીર કરવામાં આવી રહી છે.જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ગાર્ગી જૈનને સરકારી પોલીટેકનીક છોટાઉદેપુર ખાતેના સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત EVM મશીન વિશેની માહિતી મેળવી હતી.છોટાઉદેપુર નગરપાલિકાના મતદાન મથક મુલાકાત લઇ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલકેટરશ્રી શૈલેષ ગોકલાણી, પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, મામલતદાર છોટાઉદેપુર, નગરપાલિકા ચીફ ઓફિસર સ્થાનિક સ્વરાજની ચૂંટણી સાથે જોડાયેલા અધિકારીશ્રી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ૫૧ શકિતપીઠ : અંબાજી યાત્રાધામનું અનોખું આકર્ષણ

વાત્સલ્યમ્ સમાચાર
જીતેશ જોષી પાલનપુર



આધ્યાત્મિક ઉન્નતિ સાથે સંસ્કૃતિનું જતન અને રક્ષણ થાય એ માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૮માં ૫૧ શકિતપીઠની આધારશિલા રાખી હત શકિત ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમા કરોડો માઈભક્તોનું શ્રદ્ધા શિખર એટલે યાત્રાધામ શકિતપીઠ અંબાજી. લાખો કરોડો માઇભકતોના આસ્થાના કેન્દ્ર એવા અંબાજી ખાતે ૫૧ શકિતપીઠ પરિક્રમાના બીજા દિવસે શ્રદ્ધાળુઓએ પરિક્રમા કરીને ધન્યતા અનુભવી હતી. માઈભકતો ૫૧ શકિતપીઠના દર્શન કરી પદયાત્રા અને પરિક્રમાના સંગમથી દિવ્યતા અને ધન્યતાનો અનુભવ મેળવી રહ્યા છે. એક જ જન્મમાં, એક જ સ્થળે, તમામ ૫૧ શકિતપીઠના દર્શન કરવાનો અવસર શકિતપીઠ ગબ્બર- અંબાજી ખાતે પ્રાપ્ત થાય એ માટે ૨.૫ કિલોમીટરના માર્ગમાં મૂળ શકિતપીઠની કલાકૃતિઓનું આબેહૂબ નિર્માણ કરાયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ગબ્બર પર્વતની આસપાસ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા રૂ.૬૨ કરોડના ખર્ચથી ભવ્ય પરિક્રમા માર્ગ અને તે ઉપર દેશ-વિદેશમાં આવેલ તમામ ૫૧ શકિતપીઠોનાં મૂળ મંદિરો જેવાં જ મંદિરો બનાવવામાં આવ્યાં છે. અંબાજી સર્વ શક્તિપીઠમાં જગતજનની આધશકિત અંબા માતાજીનું હ્રદય બિરાજે છે. શ્રદ્ધાળુઓમાં અંબાજી શકિતપીઠનું અનોખું મહાત્મ્ય છે. અંબાજી ખાતે આવનાર શ્રદ્ધાળુઓને અન્ય શક્તિપીઠોના પણ દર્શન થઈ શકે એ માટે અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠનું નિર્માણ કરાયું છે. આધ્યાત્મિક ઉન્નતિ સાથે સંસ્કૃતિનું જતન અને રક્ષણ થાય એ માટે વર્ષ-૨૦૦૮ માં રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ગબ્બર પર્વતના પરિક્રમા માર્ગમાં ૫૧ શકિતપીઠ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરાયું હતું. વર્ષ ૨૦૧૪ માં તા. ૧૨,૧૩ અને ૧૪ ફેબ્રુઆરી દરમિયાન ૫૧ શકિતપીઠનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

# મોડાસા તાલુકાની હાઈસ્કૂલમાં શિક્ષકે વિદ્યાર્થીને લાફોજીકી તારા બાપની સ્કૂલ છે કહી અપમાનિત કરતા વિદ્યાર્થીએ પણ લાફો જીક્યો

વાત્સલ્યમ્ સમાચાર
અરવલ્લી :હિતેન્દ્ર પટેલ

મોડાસા તાલુકાની હાઈસ્કૂલમાં શિક્ષકે વિદ્યાર્થીને લાફોજીકી તારા બાપની સ્કૂલ છે કહી અપમાનિત કરતા વિદ્યાર્થીએ પણ લાફો જીક્યો. અરવલ્લી જીલ્લામાં સરફીરા શિક્ષકોએ જાણે હદ વટાવી હોય એવી એક પછી એક ઘટનાઓ છાશવારે સામે આવતી હોય છે.એટલે જ શિક્ષણ વિભાગ સામે ગંભીર સવાલો ઉઠતા જાય છે.ગત શનિવારે મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની એક હાઈસ્કૂલમાં ધો-11માં અભ્યાસ કરતો વિદ્યાર્થી સમયસર સ્કૂલમાં ન પહોંચતા ઉદ્ધત શિક્ષકે તારા બાપની સ્કૂલ છે તેમ કહી વિદ્યાર્થીને લાફો ઝીંકી દીધો હોવાના આક્ષેપો સામે આવ્યા છે.તારા બાપની સ્કુલ હોવાનું કહી અપમાનિત કરતા લાગી આવતા વિદ્યાર્થીએ આવેશમાં આવી શિક્ષક ને લાફો ઝીંકી દીધો હોવાનું સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી. મોડાસા તાલુકાની હાઈસ્કૂલમાં શિક્ષકે વિદ્યાર્થીને લાફોજીકી તારા બાપની સ્કૂલ છે કહી અપમાનિત કરતા વિદ્યાર્થીએ પણ લાફો જીક્યો.

# ચીખલી લાયન્સ ક્લબ દ્વારા પૂ.ડો.હેતલ દીદીનાં સાનિધ્ય માં અપંગ, મંદબુદ્ધિ અને વિધવા બહેનોને ધાબળા વિતરણ



વાત્સલ્યમ્ સમાચાર
મદન વૈષ્ણવ

નવસારી જિલ્લાનાં ચીખલીનાં લાયન્સ કલબ ચીખલી દ્વારા ડાંગ જિલ્લામાં આવેલ તેજસ્વિની સંસ્કૃતિધામ વાસુર્ણાનાં પૂજ્ય ડૉ.હેતલદીદીના સાંનિધ્યમાં અપંગ,મંદ બુદ્ધિ ભાઈઓ બહેનો, વિધવા બહેનો,વિધુરોને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.તેમજ વાસુર્ણા પ્રાઈમરી સ્કૂલનાં વિદ્યાર્થીઓને પેન્સિલ, રબર અને બોલપેન તેમજ બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ડાંગના અંતરિયાળ ગામો જેવા કે પાયરઘોડી, બોરખલ, ટેમરૂનઘરટા, ભાંદા, ઉમરપાડા, ટાકલીપાડા,વિહીરઆંબા,ચવડવેલ, ગાયખાસ, મહરાયચોન્ડ,સુંદા, કાસવદહાડ, ખાપરી,ગોડસ્ટા જેવા 14 જેટલા ગામોમાં 410 ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમનું ઉદઘાટન લાયન્સ કલબના PMJF લા. પરેશભાઈ પટેલ (ડિસ્ટ્રિક્ટ ગવર્નર)ના હસ્તે કરવામાં આવ્યુ હતુ.જેમાં દીપ પ્રાગટ્યમાં બ્રહ્મવાદીની પૂજ્ય ડૉ હેતલદીદી,લા. કેયુરભાઈ વશી રીઝયોનાલ ચેરમેન, લા.નરેન્દ્રભાઈ પટેલ ઝોન ચેરમેન, પ્રમુખ રવિ ભટ્ટ, મંત્રી લા. ક્તેન આંબલીયા, ટ્રેઝરર લા.મહેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રોજેક્ટ ચેરમેન લા. ડૉ.શરદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજવી ધનરાજસિંહ સૂર્યવંશી, અનમોલ મહારાજ અને તેજસ્વીની સંસ્કૃતિ ધામના સમગ્ર પરિવાર તેમજ લાયન્સ કલબ ચીખલીના તમામે તમામ સભ્યોએ જેહમત ઉપાડી હતી.અને અંતરીયાળ ગામડાઓમાં માનવતાની મહેક પ્રસરાવી હતી..

# નવસારી ખાતે (JIYO)જીઓ પારસી યોજના અંતર્ગત પારસી સમુદાય માટે વર્કશોપ યોજાયો

વાત્સલ્યમ્ સમાચાર
મદન વૈષ્ણવ




ભારત સરકારના લઘુમતી મંત્રાલય તથા નવસારી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંયુક્ત ઉપક્રમે નવસારી ખાતે કેન્દ્ર સરકારના લઘુમતી મંત્રાલયના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલની અધ્યક્ષતામાં (JIYO) જીઓ પારસી યોજના અંતર્ગત પારસી સમુદાય માટે વર્કશોપ યોજવામાં આવ્યો હતો . જે અન્વયે સુરત, નવસારી, અને વલસાડ જિલ્લાના પારસી સમુદાયોના લોકો તેમજ પારસી પંચાયતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી આલોક વર્મા દ્વારા ઉપસ્થિત પારસી સમુદાયના લોકોને ભારત સરકારની જીઓ પારસી યોજના વિશે વિસ્તૃત સમજ આપતા જણાવ્યું કે જિઓ પારસી એ પારસી સમુદાયની વસ્તીમાં ઘટાડાને રોકવા માટેની એક અનન્ય કેન્દ્રીય યોજના છે. આ યોજના ૨૦૧૩-૧૪ માં શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનું ઉદ્દેશ ભારતમાં તેમની વસ્તીને સ્થિર કરવા માટે વૈજ્ઞાનિક પ્રોટોકોલ અને માળખાગત હસ્તક્ષેપો અપનાવીને પારસી વસ્તીના ઘટતા જતા વલણને બદલવાનો છે. આ યોજનામાં ત્રણ ઘટકો છે તબીબી સહાય, હિમાયત અને સમુદાય આરોગ્ય. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ 400 થી વધુ પારસી બાળકોનો જન્મ નોંધાયા છે. આ સાથે જીઓ પારસી યોજનાનો લાભ લેવા માટે જીઓ પારસી પોર્ટલનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો .

# સુપ્રસિધ્ધ પવિત્ર યાત્રાધામ ખાતે યોજાનાર બે દિવસીય ઉત્સવના આયોજન અને સર્વગ્રાહી સમિક્ષા અર્થે બેઠકનું આયોજન કરાયું

વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ



ભરૂચઃ સોમવાર- સરકારશ્રીના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ અન્વયે સુપ્રસિધ્ધ પવિત્ર યાત્રાધામ ભરૂચના શુક્લતીર્થ ખાતે આગામી ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ એમ બે દિવસીય ઉત્સવના આયોજન થનાર છે. ભરૂચ જિલ્લામાં શુકલતીર્થ ખાતે બે દિવસીય ઉત્સવનું આગોતરૂ આયોજન થનાર છે, આ હેતુસર અધિક નિવાસી કલેકટર શ્રી શ્રી એન આર ધાધલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, કોન્ફરન્સમાં બેઠકનું આયોજનમાં કરવામાં આવ્યું હતું. ભરૂત જિલ્લો પ્રવાસન ક્ષેત્રે બહોળી નામના ધરાવે છે. ત્યારે ભરૂચના શુકલતીર્થ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે સુચારું આયોજન અંગે મિંટીંગનું આયોજન કરાયું હતું. ઉક્ત બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ ઉપસ્થિત અમલિકરણ અધિકારીઓને મેળા અંગેના આયોજન અંગે સુચારૂ વ્યવસ્થા થાય તે માટેના જરૂરી સૂચનો તથા માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.વધુમાં તેમણે લાઈઝનીંગ ડીપાર્ટમેન્ટની કામગીરી અને જરૂરી વ્યવસ્થા બાબતે સર્વગ્રાહી સમિક્ષા કરી આ ઉત્સવ ભરૂચના લોકો માટે યાદગાર બની રહે તેવા પ્રયત્નો તંત્ર કરે તેવી હાંકલ કરી હતી. આ મિંટીંગમાં અમલીકરણ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલમાં વિશ્વકર્મા જયંતીની ભક્તિસભર વાતાવરણમાં ઉજવણી કરાઈ

વાત્સલ્યમ્ સમાચાર
કાદિર દાઢી.હાલોલ



હાલોલ ખાતે મહાસુદ તેરસ ના પાવન પર્વ શ્રી વિશ્વકર્મા જયંતી ની ઉજવણી ભક્તિસભર વાતાવરણમાં હર્ષ ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી.ભગવાન શ્રી વિશ્વકર્મા ના ભક્તો મોટી સંખ્યામાં હાલોલ તળાવ કિનારે આવેલ મંદિર ખાતે ઉમટી પડી પૂજા અર્ચના પ્રાર્થના કરી ધન્ય બન્યા હતા.દેવોના શિલ્પકાર અને સૃષ્ટિના સર્જનહાર ભગવાન વિશ્વકર્મા ની મહાસુદ તેરસના પાવન દિવસે ભારતભરમાં ઉજવાતી વિશ્વકર્મા જયંતી પર્વ નિમિત્તે હાલોલ નગર ખાતે પણ મહાસુદ તેરસ ને સોમવાર ના રોજ હાલોલ નગર સહીત તાલુકામાં રહેતા પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતી પર્વની ભક્તિસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.હાલોલ નગર ખાતે પંચાલ સમાજ દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી વિશ્વકર્મા ભગવાનની વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત આજે સોમવાર ના રોજ વિશ્વકર્મા જયંતી નિમિત્તે હાલોલ પંચાલ સમાજ ના આગેવાન હર્ષદભાઈ હરીશભાઈ પંચાલ સહીત પંચાલ સમાજ ના લોકો તેમજ વિશ્વકર્મા વંશીસેના ગુજરાત પ્રદેશ ના પ્રવીણભાઈ, હેમેશભાઈ સહીત લોકો મોટી સંખ્યા માં નગર ની મધ્યમાં આવેલ ચામુંડા માતાના મંદિર ખાતે ઉપસ્થિત રહી ભગવાન શ્રી વિશ્વકર્મા ની પૂજા અર્ચના પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી. સવારે 10.00 કલાકે પૂજા નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રવીણભાઈ તેમના ધર્મપત્ની અલકાબેન પંચાલ પૂજા અર્પણ કરી હતી.બપોરે ૪. ૦૦ કલાકે વાજતે ગાજતે સુશોભિત બગીમાં ભગવાન શ્રી વિશ્વકર્મા ની છબી બિરાજમાન કરી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.જે નગર ના મુખ્ય માર્ગો ઉપર ફરી ચામુંડા માતાના મંદિર ખાતે પરત આવ્યા બાદ હાલોલ પંચાલ સમાજ ની વાડી ખાતે સમૂહ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું.જ્યારે આ પ્રસંગે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ભરૂચ GNFC ખાતે યોગાસન સ્પર્ધા યોજાઈ



વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ

ભરૂચ - ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાતમાં યોગનો વ્યાપ વધારવા તેમજ યોગ દ્વારા તંદુરસ્ત જીવનશૈલીને પ્રચલિત કરવા માટે દર વર્ષે યોગાસન સ્પર્ધા યોજવામાં આવે છે, જેના ભાગરૂપે જીએનએફસી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં યોગાસન સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ભરૂચ શહેર તેમજ તાલુકાકક્ષાએથી આવેલા યોગાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. અલગ અલગ કેટેગરીની યોગસ્પર્ધામાં યોગપ્રેમીઓ તેમજ યોગ ટ્રેનર્સ અને કોચએ પણ ભાગ લઈ યોગને દૈનિક જીવન શૈલીનો ભાગ બનાવવા લોકોને પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે, પંકજભાઈ પુરોહિત અને સેક્રેટરી દક્ષેશભાઈ પંચોલી મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની ટીમ યોગ કોર્ડીનેટર ભાવિની ઠાકર, યોગ કોચ બીનીતા પ્રજાપતિ અને અશોકભાઈ ઓઝા શીતલબેન તૃપ્તિબેન અમીન તેમજ યોગ ટ્રેનર દ્વારા યોગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભરૂચ : IBF સાઉથ ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં બી.કે પટેલે મેળવી ઝળહળતી સિદ્ધિ

વાત્સલ્યમ્ સમાચાર
સમીર પટેલ, ભરૂચ



ભરૂચના યુવાને મેળવી બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં સિદ્ધિ, IBF સાઉથ ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં મેળવી સિદ્ધિ, દક્ષિણ ગુજરાતના 350 ખેલાડીઓએ લીધો હતો ભાગ, બી.કે પટેલે ટોપ-5માં મેળવ્યું સ્થાન, વિજેતા સ્પર્ધકોને પુરસ્કાર આપીને કરાયા સન્માનિત\.ભરૂચના યુવાને બારડોલી ખાતે યોજાયેલ IBF સાઉથ ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. બારડોલી રોડ સ્થિત કચ્છી પટેલની વાડીમાં યોજાયેલી IBF સાઉથ ગુજરાત બોડી બિલ્ડિંગ કોમ્પિટિશનમાં ભરૂચના યુવા ખેલાડીએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓ માંથી 350થી વધુ ખેલાડીઓએ પોતાની પ્રતિભા દર્શાવી હતી. સ્પર્ધામાં ભરૂચના બી કે પટેલ ઉર્ફે પ્રતીકે મેન ફિઝિક્સ કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કરીને ટોપ-5માં સ્થાન મેળવવામાં સફળતા મેળવી છે.

# વલસાડ માં ૪૬૭૪૮૬ બાળકોને કૃમિના રોગથી રક્ષણ માટે જિલ્લા આરોગ્ય તંત્ર કટિબદ્ધ

વાત્સલ્યમ્ સમાચાર
વલસાડ

આદતો સ્વસ્થ તો બાળકો ખુશહાલ અને બાળકો ખુશહાલ તો દેશનું ભવિષ્ય સમૃધ્ધ. બાળકો સ્વસ્થ રહે તે માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા દર વર્ષે તા. ૧૦ ફેબ્રુઆરીએ લોકોને કૃમિ રોગ વિશે જાગૃત કરવા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઉજવાય છે. ખાસ કરીને ૧ થી ૧૯ વર્ષની વયના બાળકો આ રોગ માટે સૌથી વધુ સંવેદનશીલ હોય છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરડાના કૃમિ વિશે જાગૃતિ લાવવાનો અને બાળકોમાં માટી -સંક્રમિત કૃમિને સંપૂર્ણ નાબૂદ કરવાનો છે. નાના બાળકોમાં ખાસ કરીને કૃમિ (કરમ)નું પ્રમાણ વધુ પડતુ જોવા મળતુ હતું, બાળકોનું આરોગ્ય, પોષણ, શિક્ષણ અને જીવનની ગુણવત્તા સુધારવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ અને આઈસીડીએસ વિભાગ દ્વારા સઘન કામગીરી કરવામાં આવે છે. વલસાડ જિલ્લામાં ૪૬૭૪૮૬ બાળકોમાં કૃમીનો નાશ થાય તે માટે દરકાર લેવામાં આવી રહી છે. બાળકો, વાલીઓ અને શિક્ષકોમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની વિશેષ જાગૃત્તિ ફેલાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

Vatsalya Samachar, Printer, Publisher and Owner : Paresh Maljibhai Paria Printed at winner Offset, Lati Plot-5, Morbi
Published : "Vatsalya"Pragaty Clinic, Ambedkar Colony, Rohidash Para Main Road, Morbi-Gujarat. EDITOR : Paresh Maljibhai Paria